Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपाटीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ माह आत्म सं. २०. } अंक ७ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | ઉત્તમ માર્ગ સંચરવા પ્રભુ પ્રાર્થના. | ૧૪૭ | ૬ | શ્રાવક ધર્મોચિત આચારોપદેશ... | ૧૬૬ |
| ૨ | ગુરૂ તત્વની સાધનામાં પ્રવૃત્તિ મય ઉદ્ગાર. ... ... ... | ૧૪૭ | ૭ | વિષય વશ પ્રાણીની ચેષ્ટા. ... | ૧૬૮ |
| ૩ | પ્રભુના સામર્થ્યનું અદ્ભૂત બળદર્શક પદ્ય ... ... ... | ૧૪૮ | ૮ | સૂક્ત મુક્તાવલી સુગમ ભાષા—અનુવાદ. ) ... ... ... | ...૧૬૯ |
| ૪ | સદ્ગુરૂની સેવાનું આત્મભાન. | ૧૪૮ | ૯ | યતિઓની સાહિત્ય સેવા. ... | ૧૭૧ |
| ૫ | તિલકમંજરી—એક સાહિત્ય વિષયક લેખ. ... ... ... | ૧૪૮ | ૧૦ | દુઃખીની દાદ અને પૈસાને માન. | ૧૭૩ |
| | | | ૧૧ | વર્તમાન સમાચાર. ... ... | ૧૭૫ |
| | | | ૧૨ | ગ્રંથ સ્વીકાર. ... ... ... | ૧૭૬ |


વાર્ષિક—મૂલ્યરૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક વિનંતિ.

આ સભા તરફથી આર્થિક સહાયવડે પ્રસિદ્ધ થતાં સંસ્કૃત ( મૂળ ટીકાના ) ગ્રંથો સહાય આપનાર બંધુઓની ઇચ્છા અને આ સભાના ધારા મુજબ, દરેક મુનિમહારાજો અને સાધ્વી મહારાજને તેઓશ્રીના સમુદાયના ( વિદ્યમાન ) ગુરૂ અથવા વડીલ મુનિરાજશ્રીની મારફત મંગાવવાથી, કોઇ પણ શ્રાવકના નામ ઉપર પુસ્તક ગેરવલ્લે ન જાય તેવા હેતુથી પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવે છે. હસ્તલીખીત જ્ઞાનભંડારોને પણ મંગાવવાથી ભેટ મોકલવામાં આવે છે. આવો પ્રબંધ છતાં તેમજ અનેક વખત વિનંતિ કરવા છતાં હજી પણ કેટલાક મુનિરાજો ગુરૂ મારફત ન મંગાવતાં પરબારા પત્રો લખે છે, તો તેઓશ્રીને વિનંતિ છે કે ઉપર લખ્યા પ્રમાણે મંગાવવા કૃપા કરવી. તે સિવાય બીજી રીતે ધારા મુજબ મોકલી શકાં નથી વળી વિશેષમાં જણાવવા રજા લઇયે છીએ કે આ જ્ઞાનખાતું હોવાથી કોઈ જૈન બંધુએ ભેટ આપી શકાતા નથી. જેથી સંસ્કૃત અભ્યાસી અને આવા ગ્રંથોના ખપી જૈન બંધુઓ મુ. મુદ્દલ અને મુદ્દલથી પણ ઓછી કીંમતે આવા ગ્રંથો આપવામાં આવે છે. આવા મૂળ ગ્રંથો માત્ર અલ્પ પ્રમાણમાંજ ખપતા હોવાથી ઉપજેલી રકમ જ્ઞાન ખાતે જમે થતાં તેમાંથી જ્ઞાનની વૃદ્ધિ અર્થે જ માત્ર તેનો ઉપયોગ થાય છે. ઘણી મોટી સંખ્યામાં ગ્રંથો ભેટ અપાયે જાય છે. આટલી નમ્ર વિનંતિ જણાવવા રજા લઇએ છીયે.

---

**તૈયાર છે. જલદી મંગાવો. તૈયાર છે.**

## तपोरत्न महोदधि.

### ( તપાવલી–ભાગ ૧–૨ )

**અનેક ગ્રંથોમાંની તમામ પ્રકારના તપોનો કરેલ સંગ્રહ.**

શ્રી પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી **ભક્તિવિજયજી મહારાજ**ના અપૂર્વ પ્રયાસનું આ ફલ છે. જે કે તે બે વિભાગમાં પ્રગટ કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં ૮૮ પ્રકારના આચારદિનકરમાં જણાવેલા તપોનું તથા બીજા વિભાગમાં ૭૩ પ્રકારના અન્ય ગ્રંથાદિમાં કહેલા તપોનું વર્ણન આ ગ્રંથમાં વિધિ–વિધાન સહિત ઘણી ઉંચી અને સરલ શૈલીથી આપવામાં આવેલું છે.

બંને વિભાગમાં તપ અને તેના ગુણણા વિગેરે બહુજ વિસ્તારથી આપવામાં આવેલ છે. આ ગ્રંથની અંદર અનેક ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે, તે ગ્રંથોના નામનું લીસ્ટ પણ સાથે આપવામાં આવેલ છે. વળી દરેક તપનો મહિમા વાંચવાથી હૃદયમાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. વળી તપને લગતા પ્રશ્નોત્તરો દાખલ કરી તેને ખાસ ઉપયોગી બનાવવામાં આવેલ છે. અનેક ગ્રંથો, બુકો, તપના ટીપણાઓ અને છુટક પ્રતો તેમજ ચાલુ પ્રચારથી જે જે તપો જાણવામાં આવ્યા તે તમામનો સંગ્રહ કરેલો છે જે આ ગ્રંથ સાદ્યંત વાંચવા વિચારવાથીજ તેની અપૂર્વ કિંમત થઈ શકે તેવું છે. ઉંચા એન્ટીક ઈંગ્લીશ પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી પ્રતના આકારે મોટો ખર્ચ કરી છપાવવામા આવેલ છે. બાવીશ ફરમાનો મોટો ગ્રંથ છતાં માત્ર તેની કિંમત રૂ. ૦–૮–૦ આઠ આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

સદરહુ ગ્રંથ વિવિધ તપ કરવાના અભિલાષિ સાધુ–સાધ્વીને તેમજ જે શહેરના ઉપાશ્રયમાં સંભાળથી સાચવી રાખવાનું અને તેનો યોગ્ય ઉપયોગ કરવાનું અમોને ખાત્રીપૂર્વક જણાવવામાં આવશે તે શહેરના ઉપાશ્રય માટે, તેમજ લખલ પુસ્તકના જ્ઞાનભંડારોને તથા જાહેર લાયબ્રેરીઓને એક એક નકલ પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ આપવામાં આવશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, माघ. आत्म संवत् २०. [ अंक ७ मो..

## उत्तम मार्ग संचरवा प्रभु प्रार्थना.

(શિખરિણી.)

ત્હમારા [1]સંપર્કે મન વિષમ આઘાત હરવા,
લહી અંતર્દષ્ટિ ગુણ ગુરૂ વિષે સ્થિર કરવા;
સદા આત્મા પ્રેરી પરમહિત પંથે વિહરવા,
પ્રભો! અર્પો એવું બળ દુઃખદ સંસાર તરવા.

## ગુરુતત્ત્વની સાધનામાં પ્રવૃત્તિમય ઉદ્ગાર.

(ગીતિ.)

સમય બળ એ શોધી! ગણુના સાધી સમર્થ ગુરૂતત્ત્વે,
હિતકારી પ્રવૃત્તિ-કરજે, હું વિશ્વ[2] શુભ સત્ત્વે.

F.

૧ સંગથી. ૨ સમસ્ત.

For Private And Personal Use Only

## प्रभुना सामर्थ्यनुं अद्भुत बलदर्शक पद्य.

(શિખરિણી.)

હમારા આત્માની પરહિત થકી તૃપ્તિ કરવા,
ત્હમારા સિદ્ધાંતો સુખદ બનતા શાંતિ ભરવા;
હમારા સંયોગો તમ વચનથી સદ્ય ફરવા,
ત્હમારા સામર્થ્યો બલમય બનો દોષ હરવા.

## सद्गुरुनी सेवानुं आत्मभान.

(ગીતિ.)

રમતા આત્મારામે, અપૂર્વ યોગે[1] વિકલ્પ બળ સ્તંભી,[2]
એવા ગુરૂજન પૂજો, નિર્મમ સદા વળી નિરારંભી.

F.

## તિલક—મંજરી.

( મહાકવિ શ્રી ધનપાલ રચિત—જૈન કથા. )

" सालंकारा लक्खण सुच्छंदया महरस सुवन्न रुइ ।
कस्स न हारइ हिययं कहुत्तमा पवरतरुणिव्व ॥ "

—सम्यकत्व सप्ततिका ।

સંસ્કૃત ભાષાના ઉત્કર્ષને અતિ ઉન્નત કરનાર અને તેનું પ્રાણસ્વરૂપ એવું જે કાવ્ય-સાહિત્ય છે તે ગદ્ય અને પદ્ય એવા બે વિભાગોમાં વિભક્ત છે. તેમાં પદ્ય વિભાગની વિશાળતા અપરિમિત છે. વાલ્મિકી અને કાલીદાસાદિ—આજ પર્યંત થઈ ગયેલા—અગણ્ય કવિઓની અસંખ્ય કૃતિઓથી તેની મહત્તા અજ્ઞેયતાએ પહોંચી છે ! પરંતુ ગદ્ય—વિભાગ એનાથી ઉલટી અવસ્થામાં જ અવસ્થિત છે. સુબંધુ, બાણ કે દંડી જેવા

૧ મન, વચન, કાયાના એકાગ્રપણાથી. ૨ અટકાવી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર પાંચ-દશ કવિઓની સુકૃપાથીજ આજે તે-ગદ્ય-વિભાગ પોતાના અસ્તિત્વને સાચવી રહ્યો છે. વાસવદત્તા, નલકથા કે કાદંબરી જેવા અતિ અલ્પ-સંખ્યક કાવ્ય-રત્નોથી જ તે પોતાના બંધુ પદ્ય-વિભાગની માફક સર્વત્ર આદરાતિથ્ય પામી રહ્યો છે ! શું કારણ હશે કે એ અલ્પ પરિશ્રમ સાધ્ય હોવા છતાં તથા માનવજીવનમાં નિરંતર વ્યવહૃત હોવા છતાં એનું અંગ આટલું કૃશ અને સંકુચિત છે ? કલ્પના થાય છે કે બાહ્ય દૃષ્ટિથી તે જેટલો સ્વલ્પ-પરિશ્રમ-સાધ્ય દેખાય છે, તેટલો વાસ્ત-વિક રીતે નહીં હોય. વિચાર કરવાથી જણાય છે કે સાધારણ પ્રતિભાવાન્ મનુષ્ય પણ જેમ ભાવયુક્ત પદ્ય લખી શકે છે અને તેમાં રસ પૂરી શકે છે તેમ ગદ્યમાં થવું દુઃશક્ય છે. આ કર્તવ્યમાં, અપ્રતિમ પ્રતિભાશાલી પુરૂષ જ સફલ પ્રયાસ બની યશોભાગી થઇ શકે છે. પદ્યની સીમા છન્દઃશાસ્ત્ર દ્વારા મર્યાદિત થયેલી હોવાથી, કવિને પોતાના કાર્યની-વક્તવ્યની મર્યાદા પણ અલ્પ પ્રયત્ને જણાઇ આવે છે. પ્ર-થમથીજ ‘ સ્કેચ ’-આપ કરી રાખેલ ચિત્રપટ્ટ ઉપર, પોતાના ઇપ્સિત ચિત્રને ચિ-તરતી વખતે, જેમ ચિત્રકારને ચિત્રાકૃતિના અંગ-પ્રત્યંગોના દૈર્ધ્ય અને વિસ્તાર તરફ વધારે ધ્યાન આપવાની આવશ્યક્તા રહેતી નથી; તેમ કવિને પણ પદ્યમાં વ-ક્તવ્યના વિસ્તાર ઉપર-કયા વાકયને કયાં સુધી લંબાવવું એ વિષયમાં-વધારે વિ-ચાર કરવાની અપેક્ષા રહેતી નથી. ગદ્યમાં તેમ નથી. તેમાં તો, પ્રમાણદર્શક રેખા-ઓથી નિરંકિત ફલક ઉપર ચિત્ર ખેંચતી વખતે જેમ ચિત્રકારને પ્રતિકૃતિના અંગ અને પ્રત્યંગની આકૃતિ અને વિસ્તૃતિ ઉપર બહુજ લક્ષ્ય રાખવાની જરૂર રહે છે, તેમ કવિને પણ ગદ્યમાં પોતાના વાકય અને વક્તવ્યના આકાર અને વિસ્તાર ઉપર અતિ લક્ષ્ય આપવાની આવશ્યકતા રહે છે. નિરાલંબ-ચિત્રમાં જેમ ચતુર ચિત્રકાર જ ચમત્કૃતિ ઉપજાવી શકે છે-તેમ ગદ્ય-રચનામાં પણ અતિ કુશલ કવિ જ કાવ્યત્વ આણી શકે છે. એ વાત ખરી છે કે જે અલૌકિક પ્રતિભાવાન્ હોય છે તેજ કવિ કહેવાય છે અને તેવા ક-વિના કર્મનેજ કાવ્ય કહેવામાં આવે છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કહે છે કે, “ लोकोत्तरं कविकर्म काव्यम् ” ( કાવ્યનુશાસન ) અર્થાત્ અલૌકિક એવું જે કવિનું કર્મ છે તેજ કાવ્ય છે. લોકોત્તર કવિજ કાવ્ય કરી શકે છે. તેવા કવિને તો પોતાના કર્મ-ક્ષેત્રમાં વિહરવા માટે ગદ્ય કે પદ્ય બન્ને માર્ગો સાધારણ જ છે. તેની પ્રતિભાનો પ્રવાહ, સ્ખલના વગરજ સર્વત્ર વહી શકે છે. તથાપિ સૂક્ષ્મ દૃષ્ટિવાળા સહૃદયોને પદ્યમાર્ગ કરતાં ગદ્ય-માર્ગ કાંઈક કઠિન અવશ્ય જણાયો છે ! સિદ્ધસાર-સ્વત મહાકવિ ધનપાલ તો એટલે સુધી વદે છે કે—

अखण्डदण्डकारण्यभाजः प्रचुरवर्णकात् ।
व्याघ्रादिव भयाघ्रातो गद्याद्व्यावर्तते जनः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



—અખંડ એવા દંડકારણ્યનું સેવન કરનાર અને રંગ બેરંગી એવા સિંહથી ભય પામી મનુષ્ય જેમ પાછો હઠી જાય છે, તેમ લાંબા લાંબા સમાસોવાળા દંડકો-યુક્ત અને બહુ અક્ષરોવાળા ગદ્યથી પણ જન વિમુખ થાય છે ! કવિશ્વરનો એ અનુભવોદ્દગાર અનુભવી રસિકોને અક્ષરશઃ સત્ય જણાય છે. એજ કારણ છે કે અપરિમિત એવા કવિ–સમૂહમાંથી અતિ અલ્પ કવિઓ જ પોતાની પ્રતિભાને એ વિષમ જણાતા માર્ગે ચલાવી ગદ્ય–કાવ્ય રૂપી સાહિત્યના ભવ્ય મહાલયને ભૂષિત કરવાનું કઠિન કાર્ય સ્વીકાર્યું છે. એ કવિઓના પ્રયત્નના પ્રતાપે જ સંકુચિત–વિસ્તારવાળું હોવા છતાં પણ અતિ સુંદર એવા એ રસમંદિરમાં પ્રવેશ કરી, અસંખ્ય રસ–પ્રેમીઓ, પરબ્રહ્મના આનંદ સહોદર એવા એ રસા–સ્વાદમાં લીન થઇ કૃતકૃત્ય થાય છે.

વાચકો આગળ આજે આ પ્રસ્તુત લેખ પણ એ સુંદર–મંદિરના એક અતિ ભવ્ય ભવનનું સામાન્ય સ્વરૂપ જ્ઞાપન કરવા માટે, ઉપસ્થિત કરાય છે. આશ્ચર્ય એ છે કે એ ભવનની ભવ્યતા અતિ આકર્ષક હોવા છતાં પણ બહુ જ વિરલ રસિકોએજ એનો ઉપભોગ કર્યો હશે ! ઘણા થોડા સહૃદયો જ એની અંદર પ્રવેશ કરી, સિદ્ધસારસ્વત ધનપાલના મધુર વચનામૃતનું પાન કરી, અને કવીશ્વરે કલ્પેલી રમ્ય સૃષ્ટિનું દર્શન કરી ચિત્તને ચમત્કાર કરનાર એવા પરમાનંદનો અનુભવ કર્યો હશે ! અવલોકન તો દૂર રહ્યું પરંતુ એનું નામ પણ, વિદ્વાનોના મ્હોટા ભાગે નહિ સાંભળ્યું હોય ! !

ઉપર કહેવામાં આવ્યું છે કે ગીર્વાણ વાણીના કાવ્ય સાહિત્યનો ગદ્ય વિભાગ ઘણાં થોડાં કાવ્ય–રત્નોથી જ અલંકૃત છે. સુબંધુ કવિની વાસવદત્તા, દંડીનું દશકુમાર ચરિત, ત્રિવિક્રમભટ્ટની નલકથા, બાણની કાદંબરી તથા હર્ષાખ્યાયિકા, ધનપાલની તિલકમંજરી અને કાયસ્થ કવિ સોઢલની [1]ઉદયસુંદરી આદિ પુસ્તકોથીજ ગીર્વાણવાણીના ગદ્યનું ગૌરવ છે. નામોલ્લેખિત પુસ્તકોમાંથી તિલકમંજરી કથાનો વાચકોને પરિચય થાય તે હેતુથી તેના સંબંધમાં કાંઇક નીચે લખવામાં આવે છે.

સુપ્રસિદ્ધ ધારાધીશ્વર વિદ્યાવિલાસી ભોજ નૃપતિની સભાના મુકુટ સમાન અને સિદ્ધસારસ્વત ઉપાધિ ધારણ કરનાર મહાકવિ ધનપાલે તિલકમંજરીની રચના કરી છે. પીઠિકામાં કવિ વદે છે કે—

---

૧ આ કથા અત્યાર સુધી પ્રકટ થયેલી જણાતી નથી. પાટણના જૈન ભંડારમાં આની એક જીર્ણ પ્રતિ વિદ્યમાન છે. બાણના હર્ષચરિતની માફક આ કથા આઠ ઉચ્છ્વાસોમાં રચાયેલી છે. આના સંબંધમાં વિશેષ જાણવાની જિજ્ઞાસાવાળાએ પંચમ ગૂજરાતી સાહિત્ય પરિષદ્ વાસ્તે, ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલે તૈયાર કરેલો " પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય " નામનો નિબંધ વાંચવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**' निःशेषवाङ्मयविदोऽपि जनागमोक्ताः श्रोतुं कथाः समुपजातकुतूहलस्य । तस्यावदातचरितस्य विनोदहेतो राज्ञः स्फुटाद्भुतरसा रचिता कथेयम् ॥ "**

અર્થાત્—" સર્વ શાસ્ત્રોનો જ્ઞાતા હોવા છતાં પણ જૈનશાસ્ત્રોમાં વર્ણવેલી કથાઓ સાંભળવા માટે ઉત્પન્ન થયેલા કુતૂહલવાળા અને નિર્મલ ચરિતવાળા તે ( ભોજ ) રાજાના વિનોદ માટે સ્ફુટ અને અદ્‌ભુત રસવાળી મેં આ કથા-**તિલ**કમંજરી રચી છે." **ભો**જરાજા સંસ્કૃત સાહિત્યનો અત્યંત પ્રેમી હતો. તે સ્વયં સારો કવિ હતો. તેની સભામાં આર્યાવર્તના બધા ભાગોમાંથી કવિઓ અને વિદ્વાનો આવતા અને પોતાનું પાંડિત્ય પ્રદર્શિત કરી રાજા અને સભાજનોનું ચિત્ત આકર્ષતા. રાજા પણ યોગ્ય પુરૂષોની યોગ્યતાનો બહુ જ આદરસત્કાર કરતો. દાન અને સન્માન આપી વિદ્વાનોના મનનું રંજન કરતો. તેના આશ્રય હેઠળ સંખ્યાબંધ પંડિતો રહેતા અને સાહિત્યની સેવા કરી યશોરાશિ મેળવતા. મહાકવિ ધનપાળ તેની પરિષદ્‌નો વિદ્વન્માન્ય પ્રમુખ અને રાજાનો પ્રગાઢ મિત્ર હતો. બાલ્યાવસ્થાથી જ **ભોજ** અને **ધ**નપાલ પરસ્પર પરમ સ્નેહીઓ હતા. કારણ કે **મુંજ**રાજની પરિષદ્‌નો પ્રમુખ અને રાજમાન્ય વિદ્વાન્ ધનપાલજ પ્રમુખ હતો. **ધ**નપાલના પાંડિત્ય ઉપર **મુંજ**રાજ અતિ મુગ્ધ થઈ તેને **'सरस्वती'** નું મહત્વ સૂચક વિરૂદ આપ્યું હતું. આવી રીતે **ધ**નપાલ, **ધા**રાનગરીના **મુંજ** અને **ભોજ** બન્ને પ્રખ્યાત નૃપતિઓને બહુ માન્ય હતો. **ધ**નપાલ પ્રથમ વૈદિક ધર્માવલંબી હતો પરંતુ પાછળથી પોતાના બંધુ **શો**ભનમુનિના સંસર્ગથી જૈનધર્મનો સ્વીકાર કરી, **મ**હેંદ્રસૂરિ પાસે જૈન-ગાર્હપત્ય દીક્ષા અંગીકાર કરી હતી. ધનપાલના ધર્મ પરિવર્તનથી રાજા **ભોજ**ને બહુજ વિસ્મય થયો. તે વારંવાર **ધ**નપાલની સાથે જૈનધર્મના વિષયમાં બહુ વિવાદ કરતો પરંતુ ધનપાલની દૃઢતા અને વિદ્વત્તા આગળ રાજા નિરૂત્તર થતો. વખતના વહેવા સાથે રાજાનો આગ્રહ મંદ થયો અને જૈન સાહિત્ય તરફ સદ્‌રૂચિ ધરાવવા લાગ્યો. **ધ**નપાલ પોતાના ગુરૂશ્રી **મ**હેંદ્રસૂરિ પાસે સ્યાદ્‌વાદ સિદ્ધાન્તનો વિશેષ અભ્યાસ કરી જૈનદર્શનનો પારદૃષ્ટા-તત્ત્વજ્ઞ થયો. **ભોજ**રાજા સ્વયં વિદ્વાન્ અને તત્ત્વજ્ઞ હોવાથી સ્વ-ધર્મના—વૈદિક દર્શનના તત્ત્વોમાં તે બહુ નિષ્ણાત હતો, પરંતુ જૈનધર્મના વિશેષ પરિચયના અભાવે સ્યાદ્‌વાદ સિદ્ધાન્તના વિષયમાં, તે વિશેષ જાણકાર ન હતો. **ધ**નપાલના સંસર્ગથી તેની ઈચ્છા જૈન-દર્શનના સ્વરૂપને જાણવાની થઇ, અને તે ઇચ્છા પૂર્ણ કરવા માટે, કવીશ્વર આગળ વિચાર પ્રદર્શિત કર્યો. **ધ**નપાલે જૈન સિદ્ધાન્તોક્ત વિચારો અને સંસ્કારોને પ્રતિપાદન કરનારી **તિ**લકમંજરી જેવી અદ્વિતીય અને અદ્‌ભુત કથા રચી, રાજાની અને પ્રજાની તાત્કાલિક પ્રીતિ અને પૂજા સંપાદન કરી. તથા ભાવિ જૈન પ્રજા અને સંસ્કૃત સાહિત્યના રસિકોનો અપૂર્વ પ્રેમભાવ પ્રાપ્ત કરી પોતાના નામ અને કામને અખંડ યશના ભાગી બનાવ્યા છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તિલકમંજરી રચના

બાણુની કાદંબરી જેવી વિસ્તૃતગદ્યમાં અને આખ્યાયિકાના આકારમાં થયેલી છે. પાત્ર અને વસ્તુ બન્ને કવિના કલ્પેલા હોવાથી સંસ્કૃત સાહિત્યનું તે એક અપૂર્વ નૉવેલજ કહી શકાય. અયોધ્યા નગરીના મેઘવાહન રાજાનો હરિવાહનકુમાર કથાનો મુખ્ય નાયક અને વૈતાઢય પર્વત ઉપર આવેલા રથનૂપુર ચક્રવાલ નામક નગરના ચક્રસેન વિદ્યાધરની કુમારી તિલકમંજરી મુખ્ય નાયિકા છે. આ બન્ને દંપતિને અગ્ર કરી કવિએ કથાની વિચિત્ર અને રસભરી ઘટના કરી છે. મધ્યમાં સમરકેતુ અને મલયસુંદરીનો વૃત્તાંત સાંધી, કથાની વિસ્તૃતિ અને પ્રકૃતિમાં વૃદ્ધિ અને સમૃદ્ધિ આણી છે. ધર્મ સંબંધી જાતીયતા જણાવવા માટે સ્થાને સ્થાને જૈન વિચારો અને સંસ્કારો કથાના પાત્રોમાં પૂર્યા છે. શક્રાવતારતીર્થ, યુગાદિજિન મંદિર, જ્વલનપ્રભનામા વૈમાનિક દેવ, વિદ્યાધરમુનિ, નંદીશ્વર દ્વીપ, વૈતાઢય પર્વત, અષ્ટાપદ પર્વત, મહાવીર નિર્વાણ મહોત્સવ અને સર્વજ્ઞ એવા જયંત-સ્વામી દ્વારા પૂર્વજન્મ કથન-ઇત્યાદિ પ્રબંધોથી જૈન-જગત્‌ની રૂપરેખા આલેખી છે. એ સિવાય કાવ્યનાં વર્ણનીય અંગો-જેવા કે, નગર, ઉદ્યાન, પર્વત, અરણ્ય, સમુદ્ર, સરિત્, સરોવર, પ્રાત:કાલ, સાયંકાલ, નિશા, આલોક, અંધકાર, સમયવર્ણન, યુદ્ધ અને નૌકા, આદિનાં વર્ણનો—અતિ આશ્ચર્યકારક રીતે વર્ણવ્યા છે. પ્રાકૃતિક દૃશ્યો અને વસ્તુ-સ્વભાવો બહુજ સુંદર અને સૂક્ષ્મ દૃષ્ટિથી આલેખવામાં આવ્યા છે. પ્રત્યેક વર્ણન રસ અને અલંકાર દ્વારા પૂર્ણપણે પોષવામાં આવ્યું છે. '**प्रभावक चरित्र**' ના લેખક જે કહે છે કે-'**रसान् नव परां कोटिं प्रापिताः कवि चक्रिणा**' તેમાં અત્યુક્તિનો લેશ પણ સહૃદય વાચકને જણાતો નથી. કાવ્ય મધુલોલુપ રસિક-ભ્રમરોના ચિત્ત-વિનોદ માટે ષડ્ઋતુના પુષ્પોથી સુગંધિત નંદનવન સમાન નવરસથી પૂરિત આ કમનીય કાવ્ય છે. કાદંબરીનાં વિસ્તૃત વર્ણનો અને દીર્ઘ-સમાસો કાવ્યમર્મજ્ઞના કોમલાન્ત:કરણને જ્યારે કટંકિત કરે છે ત્યારે, તિલકમંજરીના સંક્ષિપ્ત વૃત્તાન્તો અને સરલ વાક્યો સ્મરણ-સૂત્રોની માફક હૃદયપટ ઉપર સુંદર રીતે અંકિત થઈ વારંવાર સ્મૃતિપથમાં આવ્યાં કરે છે. શબ્દની લલિતતા અને અર્થની ગંભીરતા મનોજ્ઞના મનને મોહિત કરે છે. સ્થાને સ્થાને નીતિ અને સદાચારના ઉચ્ચારિત ઉલ્લેખોથી વિવેકી વાચકની વૃત્તિ સન્માર્ગ-સેવન તરફ આકર્ષાય છે. સંસારની સ્વાભાવિક ક્ષણભંગુરતાના સ્વરૂપને પ્રકટ કરનારા માર્મિક ઉપદેશોથી તત્ત્વજ્ઞના હૃદયમાં નિર્વેદના અંકુરો ઉદ્‌ગમે છે. યથોચિત સ્થાને આવેલા પ્રસંગોથી વાચકની વિચારશ્રેણિ ક્ષણમાં શૃંગારરસમાં ડૂબે છે તો ક્ષણમાં કરૂણરસમાં નિમગ્ન થઇ જાય છે. ક્ષણમાં સાક્ષાદ્ ધર્મસ્વરૂપ એક મહાત્માને જોઇ ચિત્ત ભક્તિમાં તલ્લીન થાય છે તો ક્ષણમાં અતિ ભયાનક એક વેતાલને જોઈ સમગ્ર શરીર ભયથી રોમાંચિત થઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રીતે "अस्ति" ત્વના મૂળમાંથી શરૂ થતો રસપૂરિત વાક્યપ્રવાહ હિમાલયના ગર્ભમાંથી નિકળેલા ભાગિરથીના શ્રોતસ્‌ની માફક ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો અંતે "आनन्द" ના ઉદધિમાં અંતરિત થઇ જાય છે !

વાચકોને કથાની રચનાનું કાંઇક દિગ્દર્શન થાય તેટલા માટે એકાદ અવતરણ અહિં ઉતારવામાં આવે તો અસ્થાને નહીં ગણાશે.

કથાનાયકનો પિતા મેઘવાહનરાજા સંતતિના અભાવથી ખિન્ન મનવાળો થઇ એક દિવસે સ્હવારના સમયમાં પોતાના ભદ્રસાલ નામા મહાપ્રાસાદના પૃષ્ઠ ભાગ ઉપર, પોતાની પ્રિયા મદિરાવતી સહિત બેઠો છે. એટલામાં આકાશ માર્ગે કોઈ વિદ્યાધર મુનિ આવે છે અને તે "धार्मिकजनानुवृत्त्यभिमुखानि हि भवन्ति सर्वदा धर्मतत्त्वनिवेदिनां हृदयानि" એ નિયમને વશ થઇ, રાજાની અનુવૃત્તિથી અંબરતલથી નીચે ઉતરી, રાજાએ આપેલા 'હેમવિષ્ટર' ઉપર બેસે છે. રાજા પ્રથમ તેમની સામાન્ય સ્તવના કરે છે અને પછી પોતાના આત્માને વિશેષ અનુગૃહીત કરવા માટે મુનિને પ્રાર્થે છે કે, હે મુનિશ્રેષ્ઠ !

"इदं राज्यम् , एषा मे पृथिवी, एतानि वसूनि, असौ हस्त्यश्वरथपदातिप्रायो बाह्यः परिच्छदः, इदं शरीरम् , एतद् गृहं; गृह्यतां स्वार्थसिद्धये परार्थसंपादनाय वा, यदत्रोपयोगार्हम् । अर्हसि नश्चिराच्चिर्वापयितुमेतज्जन्मनः प्रभृत्यघटितानुरूपपात्रविषादविक्लवं हृदयम् ।"

"આ રાજ્ય, આ મ્હારી પૃથિવી, આ બધું ધન, આ હાથી, ઘોડા, રથ અને પદાતિ-વિપુલ બાહ્ય પરિવાર, આ શરીર અને આ ગૃહ; એમાંથી જે આપને ઉપયોગી હોય તે, સ્વકાર્યની સિદ્ધિ માટે અથવા પરોપકાર કરવા અર્થે સ્વીકાર કરો. જન્મથી લઈ આજ પર્યંત નહીં પ્રાપ્ત થયેલ યોગ્ય પાત્રના લીધે ઉત્પન્ન થયેલા વિષાદથી વિકલવ થએલા આ અમારા હૃદયને ચિરકાલ સુધી શાંત કરવાને યોગ્ય છો આપ."

રાજાની વિનય અને ઉદારતા ભરેલી આ પ્રાર્થના સાંભળીને મુનિને અતિ હર્ષ થાય છે અને ઉત્તર આપે છે કે—

"महाभाग ! सर्वमनुरूपमस्य ते महिमातिशयतृणीकृतवारिराशेराशयस्य । केवलमभूमिर्मुनिजनो विभवानाम् । विषयोपभोगगृध्नवोहि धनान्युपादत्ते । मद्विधास्तु संन्यस्तसर्वारम्भाः समस्तसङ्गविरता निर्जनारण्यबद्धगृहवृद्धयो भैक्षमात्रभावितसन्तोषाः किं तैः करिष्यन्ति । ये च सर्वप्राणिसाधारणमाहारमपि शरीरवृत्तये गृह्णन्ति, शरीरमपि ' धर्म साधनं ' इति धारयन्ति, धर्ममपि ' मुक्ति का-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रणं ' इति बहु मन्यन्ते, मुक्तिमपि निरुत्सुकेन चेतसाभिवाञ्छन्ति, ते कथमसारसांसारिकसुखप्राप्त्यर्थमनेकानर्थहेतुमर्थं गृह्णन्ति । परार्थसम्पादनमपि धर्मोपदेशदान द्वारेण शास्त्रेषु तेषां समर्थितम् । नान्यथा । तदलं, अत्रनिर्बन्धने "

—" હે મહાભાગ ! પોતાના મહિમાતિશયથી તૃણસમાન કરી દીધો છે, સમુદ્રને જેણે એવા એ ત્હારા આશય–હૃદયને સર્વયોગ્યજ છે. પરંતુ મુનિજન વિભવોનું અસ્થાન છે. વિષયોના ઉપભોગમાં આસક્ત થયેલા જનો જ ધનને ગ્રહણ કરે છે. સર્વ આરંભ–સાવદ્યના ત્યાગી, સમસ્ત સંગથી વિરક્ત, નિર્જન અરણ્યોનેજ ગૃહ માનનારા અને ભિક્ષાવૃત્તિથી સંતુષ્ટ રહેનારા મ્હારા જેવા–ભિક્ષુઓ તે–ધનાદિ વસ્તુઓ–થી શું કરશે ? જેઓ, સર્વ પ્રાણીઓને સાધારણ એવો આહાર પણ, શરીરના નિર્વાહ અર્થેજ ગ્રહણ કરે છે. શરીરને પણ ધર્મનું સાધન જાણીનેજ ધારણ કરે છે. ધર્મને પણ મુક્તિનું કારણ માની બહુમાન આપે છે અને મુક્તિને પણ ઉત્સુક રહિત ચિત્ત વડે વાંચ્છે છે. તેઓ, અસાર એવા સાંસારિક સુખોની પ્રાપ્તિ અર્થે, અનેક અનર્થના હેતુભૂત એવા અર્થ–ધનને શી રીતે ગ્રહણ કરે ? પરોપકાર પણ, ધર્મોપદેશ રૂપી દાનદ્વારા જ તેમના માટે શાસ્ત્રમાં સમર્થન કર્યું છે; બીજી રીતે નહિ. માટે એ વિષયમાં આગ્રહથી બસ. "

કેવા સુંદર સરલ અને સરસ વાકયોમાં કવિએ રાજાની ઉદાર પ્રાર્થનાની અને મુનિની વિશુદ્ધ વૃત્તિની આકૃતિ ખેંચી છે. વિશેષ શું ઉત્તરોત્તર આનંદદાયક એવા આવાંને આવાં પ્રકરણોથી તિલકમંજરીની મહત્તા અતિશય ઉચ્ચ થઇ ગઈ છે.

ભોજન કરતી વખતે એકલા મિષ્ટાન્નથી જેમ મનુષ્યનું મન કંટાળી જાય છે અને તેનાથી વિરક્ત થઇ, વચમાં વચમાં તીખા કે ખાટા સ્વાદવાળી સ્વાદિષ્ટ વસ્તુ ખાવાની ઇચ્છા થાય છે તેમ કથાના રસાસ્વાદન સમયે પણ કેવળ ગદ્યથી વાચકની વૃત્તિમાં વિરક્તતા આવવા ન પામે, તે હેતુથી, કવીશ્વરે, ઉચિત પ્રસંગે મોગરાની માળામાં ગુલાબના પુષ્પોની માફક, મધુર, આલ્હાદક અને સુંદરવર્ણવિશિષ્ટ, નાના જાતિનાં પદ્યો સ્થાપન કરી, સુવર્ણમાં સુગંધ ભેળવ્યું છે.

કવિની પૂર્વે કાદંબરી આદિ કથાઓ વિદ્યમાન હતી અને તેમનો આદર પણ વિદ્વાનોમાં અતિ હતો. પરંતુ તેઓમાંથી કોઇ કથા જ્યારે કેવળ શ્લેષમય હતી, તો કોઇ કેવળ ગદ્યમય, ત્યારે કોઇ પદ્યપ્રાધાન્યજ. એ કથાઓ સર્વગુણસંપન્ન હોવા છતાં પણ તેમની એ એકાંતતા, ગુલાબના ફુલમાં કાંટાની માફક, સહૃદયોના હૃદયમાં ખટકતી. તેમના વાચન વખતે રસિકોના મનમાં વહતી રસની ધારાનો વેગ સ્ખલાતો. તેમનો એ દોષ, સાહિત્યકારો પોતાના નિબંધોમાં સ્પષ્ટપણે પ્રકટ કરતા. ધનપાલથી પણ એ સંબંધમાં મૌન નહીં રહેવાયું. પોતાના પૂર્વના મહાકવિઓના ગુણો મુક્તકંઠે ગાવા છતાં પણ, તેમની તે દુષિત કૃતિ માટે ટકોર કરી જ દીધી છે. તિલકમંજરીની પ્રસ્તાવનામાં કહે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"वर्णयुक्तिं दधानापि स्निग्धांजनमनोहराम् ।
नातिश्लेषघना श्लाघां कृतिर्लिपिरिवाश्नुते ॥ १६ ॥
अश्रान्तगद्यसन्ताना श्रोतॄणां निर्विदे कथा ।
जहाति पद्यप्रचुरा चम्पूरपि कथारसम् ॥ १७ ॥"

તાત્પર્ય એ છે કે, જનોમાં મનને હરણ કરનારાં એવાં મધુર વર્ણનો યુકત હોવા છતાં પણ અતિ શ્લેષવાળી કવિની કૃતિ પ્રશંસા પામતી નથી. સતતગદ્યવાળી કથા પણ શ્રોતાઓને આનંદ આપી શકતી નથી. તેમજ પ્રચુર પદ્યોવાળી ચંપૂકથા પણ રસ પોષી શકતી નથી. કવિના આ ત્રણ આક્ષેપો, ક્રમથી સુબંધુ કવિની 'વાસવદત્તા,' બાણકવિની 'કાદંબરી' અને ત્રિવિક્રમભટ્ટની 'નલકથા' ઉપર થયેલા જણાય છે. પ્રથમનીનું શ્લેષકાઠિન્ય, બીજીનું ગદ્યપ્રાધાન્ય અને ત્રીજીનું પદ્યપ્રાચુર્ય સુપ્રસિદ્ધ જ છે. સાહિત્યજ્ઞોની દૃષ્ટિમાં, આ કૃતિઓ, તેમની એકપ્રિયતાને લીધે, કાંઇક હીનગુણવાળી જણાયલી હોવાથી ધનપાલે પોતાની કૃતિને એ ત્રણે માર્ગોથી દૂર રાખી, નવીજ માર્ગેજ દોરવી છે. આમાં નથી સઘન શ્લેષો કે નથી કઠિનપદો. તેમજ સતત ગદ્ય પણ નથી અને પ્રચુર પદ્ય પણ નથી. સમગ્ર કથા, સરલ અને સુપ્રસિદ્ધ પદો દ્વારા પ્રસાદ ગુણવડે અલંકૃત થયેલી છે. થોડા થોડા અંતર પછી, પ્રસંગોચિત સ્થાને, એકેક બબ્બે કે તેથી વધારે ભાવદર્શક પદ્યો પણ આવેલાં છે. ગદ્યની માફક, **તિલકમંજરીનાં પદ્યો** પણ બહુ રમણીય અને પ્રૌઢ છે. રસ અને ધ્વનિથી પૂરિત છે. દૃષ્ટાંત તરીકે એક પદ્ય લઇશું.—

"विपदिव विरता विभावरी नृप! निरपायमुपास्स्व देवताः ।
उदयति भुवनोदयाय ते कुलमिव मण्डलमुष्णदीधितेः ॥"

મેઘવાહન રાજા એક પ્રાતઃકાલમાં સંતતિના અભાવથી, બૌદ્ધદર્શનની માફક સર્વત્ર શૂન્યતા જોતો અને સંતાનની સિદ્ધિને માટે, આમતેમથી, તે તે ઉપાય ચિંતવતો બેઠો છે. એટલામાં પ્રાભાતિક કૃત્યો નિવેદન કરવા માટે બંદિવાન્ આવે છે અને તે ઉપર લખેલ અપરવકત્ર જાતિનું પદ્ય બોલે છે. એ પદ્યમાં કવિએ પોતાની પ્રતિભાનો પ્રકાશ અપૂર્વ રીતે પ્રકટ કર્યો છે. એ પદ્ય સાંભળી રાજાના મનમાં શા શા ભાવો ઉદિત થાય છે તે તો તિલકમંજરીનું તે સ્થળ વાંચવાથીજ જણાય તેમ છે. હેમચંદ્રાચાર્ય જેવા અસાધારણ વિદ્વાને પણ તિલકમંજરીનાં પદ્યોને અતિ ઉચ્ચ કોટિનાં માન્યા છે અને પોતાના કાવ્ય સાહિત્યના નિબંધોમાં અનેક સ્થળે શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે ટાંક્યાં છે. '**काव्यानुशासन**' ના ૫ મા અધ્યાયના.

"अर्थभेदभिन्नानां भङ्गाभ्यां युगपदुक्तिः श्लेषः ।"

એ સૂત્રની વ્યાખ્યામાં એકવચન અને બહુવચનના ભંગ શ્લેષ તરીકે, તિલકમંજરીની પીઠિકાનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"प्राज्यप्रभावः प्रभवो धर्मस्यास्तरजस्तमाः ।
ददतां निर्वृतात्मान आद्योऽन्येऽपि मुदं जिनाः ॥ २ ॥

આ ચમત્કારિક શ્લોક ઉલ્લેખ્યો છે. તથા 'छन्दोऽनुशासन' ના ૫ મા અધ્યાયમાં પણ—

"पाचदाश्चि तृतीये पञ्चमे चो जो लीर्वा पञ्चांघ्रिस्त्रिपात् पूर्वार्द्धा मात्रा ॥१६॥"

એ સૂત્રની વૃત્તિમાં માત્રા નામક છંદના ઉદાહરણ રૂપે તિલકમંજરીમાં (પૃષ્ટ ૧૭૭) પ્રભુની સ્તુતિનું જે—

" शुष्कशिखरिणि कल्पशाखीव, निधिरधनग्राम इव,
कमलखंडइव मारवेऽध्वनि, भवभीष्मारण्य इह,
वीक्षितोऽसि मुनिनाथ ! कथमपि ॥ "

આ પદ્ય, સમરકેતુના મુખેથી, કલ્પતરૂના ઉદ્યાનમાં આવેલા જિનાયતનમાં, કવિએ બોલાવેલ છે, તે ઉદાહૃત છે.

## કથાની પીઠિકા

કવિએ વિસ્તારરૂપે લખી છે. ન્હાના મ્હોટા એકંદર ૫૩ કાવ્યોમાં ઉપોદ્ઘાત પૂર્ણ કરવામાં આવ્યો છે. સાહિત્યકારોએ 'મહાકથા' ની આદિ માટે બાંધેલા.

" श्लोकैर्महाकथायामिष्टान्देवान् गुरुन्नमस्कृत्य ।
संक्षेपेण निजं कुलमभिदध्यात्स्वं च कर्तृतया ॥ २० ॥ "
( काव्यालंकार, १६ अध्याय. )

આ નિયમને પૂર્ણ રીતે અનુસરવામાં આવ્યો છે.
સુંદર, સરલ, અને ભાવપૂર્ણ શબ્દોવાળા એવા—

"स वः पातु जिनः कृत्स्नमीक्षते यः प्रतिक्षणम् ।
रूपैरनन्तरैकैकजन्तो व्याप्तं जगत्रयम् ॥"

આ ભાવ મંગલથી કથાનો મંગલમય પ્રારંભ થાય છે. ૭ મા કાવ્ય સુધી પોતાના અભીષ્ટદેવ એવા જિનેશ્વરની તથા શ્રુત દેવતા—સરસ્વતીની સ્તવના કરી છે. તે પછીના ૧૧ શ્લોકોમાં સુકવિઓની પ્રશંસા અને ખલજનોની નિંદા તથા સત્કાવ્યનું સંકીર્તન અને દુષ્ટ કવિતાનું દોષોદ્ઘાટન કરવામાં આવ્યું છે. કવિ અને કાવ્યોના વિષયમાં કથાકાર કહે છે કે:—

"स्वादुतां मधुना नीताः पशूनामपि मानसम् ।
मदयन्ति न यद्वाचः किं तेऽपिकवयो भुवि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



काव्यं तदपि किं वाच्यमवाश्चि न करोति यत् ।
श्रुतमात्रममित्राणां वक्त्राणि च शिरांसि च ॥"

અર્થાત્—માધુર્ય ગુણદ્વારા સ્વાદુતાને પ્રાપ્ત થયેલી જેમની વાણીઓ, પશુઓના મનને પણ જો હર્ષિત નહીં કરે તો શું તેઓ પણ પૃથ્વિમાં કવિ કહેવડાવવા લાયક છે ? ! અને તે પણ શું કાવ્ય કહી શકાય કે જેના શ્રવણ માત્રથીજ જો શત્રુઓના મુખ અને મસ્તક નીચા નહિ થઇ જાય ? ! ! **ઉપાશ્રય ઉપાશ્રયમાં વિરાજમાન થયેલા આપણા આધુનિક મુનિકવિઓ જરા આ વાકયને વિચારપૂર્વક વાંચવાની તસ્દી લેશે ?** ૧૯ માં શ્લોકમાં '**त्रिपदी**' ધારક શ્રી **ઇંદ્રભૂતિ** ગણધરને નમસ્કાર છે. ૨૦ માં શ્લોકમાં આદિકવિ તથા **રામાયણ** અને **મહાભારત**ના કર્તા, મહર્ષિ વાલ્મીકિ અને **વેદવ્યાસ**ને વંદન કરવામાં આવ્યું છે ! **પરમાર્હત એવા એ કવીશ્વરની** ગુણાનુરાગતા તરફ, **સ્વ સંપ્રદાયના સાધુ સિવાય અન્યને બહુ માનથી** પણ **નહિ બોલાવનાર આજકાલના ક્ષાયક સમ્યકત્વીઓ, શો અભિપ્રાય આપતા હશે તે ખાસ જાણવા જેવું છે !** આ પછીના બે શ્લોકોમાં, ગુણાઢ્ય કવિની '**बृहत्कथा**' ની તથા **પ્રવરસેન**ના '**सेतुबंध** મહાકાવ્યની પ્રશંસા છે. ૨૩ માં શ્લોકમાં, **પાદલિપ્તાચાર્ય**ની બનાવેલી ૧ '**तरंगवती**' કથા ગંગાની માફક પૃથિવીને પાવન કરનારી કથી છે. ૨૪ માં શ્લોકમાં, '**जीवदेवसूरि**' ના પ્રાકૃત પ્રબંધોની પ્રશંસા છે. પછીના ૪ શ્લોકોમાં ક્રમથી, કાલિદાસ, **બાણ** અને **ભારવિ** કવિને વખાણ્યા છે. ૨૯ મા શ્લોકમાં શ્રી હરિભદ્રસૂરિના **समरादित्य** ચરિતનો મહિમા છે. ૩૦ મું પદ્ય મહાકવિ **ભવભૂતિ**ના ઉત્કર્ષનું પ્રકાશક છે, ઘણીજ ખુબીથી કવિએ, એ ભવભૂતિની ભારતીને વખાણી છે.

" स्पष्टभावरसा चित्रैः पदन्यासैः प्रनर्तिता ॥
नाटकेषु नटस्त्रीव भारती भवभूतिना ॥ "

૩૧ મા શ્લોકમાં **વાક્પતિરાજ**ના '**ગૌડવધ**' ની કીર્તિ છે. ૩૨ મા શ્લોકમાં, શ્વેતાંબર શિરોમણિ શ્રી **બાપભટ્ટી**–ભદ્રકીર્તિસૂરિના બનાવેલા '**તારાગણ**' નામના કાવ્યનું સંકીર્તન કર્યું છે. ૩૩ મામાં **યાયાવર રાજશેખર** કવિની વાણીને વખાણી છે. ૩૪ મો શ્લોક કવિએ પોતાના ગુરૂશ્રી **મહેંદ્રસૂરિ**નાં વચનોની પ્રશંસા માટે

---

૧ '**प्रभावक चरित**' માં આનુ નામ '**तरंगलोला**' આપ્યું છે.

" कथा तरंगलोलाख्या व्याख्याताभिनवापुरः । "

" सीसं कहवि न फुट्टं जम्मस्स पालित्तयं हरंतस्स ।
जस्स मुहनिज्झराओ तरंगलोला नई वूढा ! "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખ્યો છે; પછીના બે શ્લોકોમાં, રૂદ્રકવિની ત્રૈલોક્યસુંદરી' ની તથા તેના પુત્ર કર્દમરાજની સૂકિતઓની પ્રશંસા છે. આવી રીતે, સ્વમત તથા પરમતમાં થઇ ગયેલા મહાકવિઓની ઉદાર વૃત્તિથી ભૂરિ ભૂરિ પ્રશંસા કરી ઉપસંહાર કરતાં કહે છે કે

" केचिद्वचसि वाच्येऽन्ये केऽप्यशून्ये कथारसे ।
केचिद्गुणे प्रसादादौ धन्याः सर्वत्र केचन ॥ ३७ ॥"

આના પછીના ૪ કાવ્યોમાં, પરમાર, વૈરસિંહ, સીયક, સિંધુરાજ અને વાક્‌પતિ રાજનું વર્ણન છે. ૪૩ થી ૪૯ માં કાવ્ય સુધી કવિના આશ્રયદાતા રાજા ભોજના પ્રતાપ અને પ્રભાવનું વર્ણન છે, ૫૦ મા કાવ્યમાં પ્રસ્તુત કથાની ઉત્પત્તિનું કારણ દર્શાવ્યું છે. ( એ શ્લોક ઉપર ટાંકવામાં આવ્યોજ છે ) ૫૧–૫૨ માં કાવ્યમાં પોતાના પિતામહ અને પિતાની પ્રશંસા કરી સ્વવંશનું કીર્તન કર્યું છે. " મધ્ય દેશમાં આવેલા સાંકાશ્યનામા પ્રદેશમાં દેવર્ષિનામા દ્વિજ હતો કે જેનો પુત્ર સર્વ શાસ્ત્રમાં કુશળ સ્વયંભૂ જેવો સર્વદેવ નામા મ્હારો પિતા છે. " આમ સંક્ષેપમાં પોતાનું પુરાતન વાસસ્થાન અને કુલ પ્રકાશિત કરી છેલ્લા કાવ્યમાં કવિ કહે છે કે:—

" तज्जन्मा जनकाङ्घ्रिपङ्कजरजःसेवाप्तविद्यालवो
विप्रःश्रीधनपाल इत्यविशदामेतामबध्नात्कथाम् ।
" अक्षुण्णोऽपि विविक्तसूक्तिरचने यः सर्व विद्याब्धिना
श्रीमुंजेन सरस्वतीति सदसि क्षोणीभृता व्याहृतः ॥ "

તાત્પર્ય એ છે કે, પોતાના પિતાના ચરણકમળની સેવાથી વિદ્યાલવને પ્રાપ્ત થયેલા અને સર્વ વિદ્યાના સમુદ્રરૂપ એવા મુંજરાજાએ સભાની અંદર જેને ' **सरस्वती** ' એવા મહત્ત્વસૂચક ઉપનામથી બોલાવેલો મ્હેં ધનપાલ વિપ્રે આ કથા રચી છે. ' આવી રીતે લંબાણપૂર્વક કથાની પીઠિકા પૂર્ણ કરવામાં આવી છે અને પછી '**अस्ति रम्यतानिरस्त सकलसुरलोका** ' ઇત્યાદિ રમણીય ગદ્ય દ્વારા પ્રભાવ પૂર્ણ કથાનો પ્રારંભ કરવામાં આવે છે.

## તિલકમંજરીની ઉત્પત્તિ.

સંબંધમાં જૈન ઇતિહાસ લેખકો જણાવે છે કે—ભોજરાજાએ કેટલાક દિવસો સુધી ધનપાલ કવિને પોતાની સભામાં અનુપસ્થિત જોઇ, એક દિવસે તેનું કારણ પુછતાં, કવિએ જણાવ્યું કે, હું આજકાલ એક તિલકમંજરી નામની કથા રચું છું. ( આ ઠેકાણે ' **सम्यक्त्वसप्ततिका** ' ના લેખકે ' [1]**ભરતરાજ કથા** ' નું તથા ' **उपदेशप्रासाद** ' માં ' [2]**યુગાદિચરિત** ' નું નામ આપેલ છે. ) તે કાર્યની

---

१ ' सो जंपइ भूवासव पारद्धा अत्थि भरहराय कहा ।
२ ' पण्डित आचष्ट—मयाऽधुना युगादिचरितं बध्यते । '
ઉક્ત લેખકોએ આ નામાન્તરો શા કારણથી આપ્યાં હશે તે સમજાતું નથી !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદર વ્યગ્ર મનવાળો હોવાથી, નિયમિત સમયે આપની સભામાં હાજર થઈ શકતો નથી. રાજાએ વાત સાંભળી, પોતાને તે કથા સંભળાવવા કવિને સાગ્રહ અભિપ્રાય જણાવ્યો. કવીશ્વરની સમ્મતિથી રાજા નિરંતર પાછલી રાત્રીએ તે કથા સાંભળતો. ( તે સમય બહુ રમણીય હોવાથી જ રાજા તેમ કરતો હતો; નહિ કે કાર્યના અભાવને લીધે એમ '[3]સમ્યક્ત્વ સપ્તતિકા' કાર કહે છે. ) સાંભળતી વખતે, કથાના પુસ્તકની નીચે, રાજા સુવર્ણપાત્ર એવા આશયથી મૂકતો કે, રખે કથામૃત વ્યર્થ નહી વહી જાય ! સંપૂર્ણ કથા સાંભળી રાજા અતિ આનંદિત થયો. કથાની સર્વોત્કૃષ્ટતાએ રાજાના મનને બહુ આકર્ષ્યું. આ કથાની સાથે મ્હારૂં નામ અંકિત થાય તો યાવચ્ચંદ્ર દિવાકરૌ સુધી મ્હારો યશ આર્યાવર્તની પવિત્ર ભૂમિ ઉપર અખંડિત રહે, એવી અસદ્ અભિલાષાને વશ થઈ રાજા કવિને કહેવા લાગ્યો કે, કથાના નાયકના સ્થાને તો મ્હારૂં નામ અયોધ્યા નગરીના ઠેકાણે અવંતીનું નામ, અને શક્રાવતાર તીર્થની જગ્યાએ મહાકાળનું નામ દાખલ કરે તો, બહુ માન, બહુ ધન અને ઈચ્છિત વર પ્રદાન કરૂં ! રાજાની એ અનુચિત પ્રાર્થના સાંભળી ધનપાળ બોલ્યો કે શ્રોત્રિયના હાથમાં રહેલો અને પવિત્ર જલથી ભરેલો પૂર્ણકુંભ જેમ મદ્યના એક બિંદુથી અપવિત્ર થઇ જાય છે તેમ ઉપર્યુક્ત નામોના પરિવર્તનથી સંપૂર્ણ કથાનું પાવિત્ર્ય નષ્ટ થઈ જાય છે અને તેના પાતકથી કુલ, રાજ્ય અને રાષ્ટ્રનો નાશ થાય છે ! રાજા ઉત્તર સાંભળી બહુ ક્રુદ્ધ થયો અને પાસે પડેલી અંગારાની સગડીમાં, મૂર્ખતાને વશ થઇ, તે પુસ્તક નાંખી દીધું ! રાજાના એ દુષ્ટ કૃત્યથી કવીશ્વર બહુ ખિન્ન થયો, પોતાના સ્થાને આવી દીર્ઘ નિશ્વાસો નાંખતો એક જુના ખાટલામાં બેઠો. કવિને, સાક્ષાત્ સરસ્વતીના સમાન એક **તિલકમંજરી** નામની નવ વર્ષની સુંદર બાલા હતી, તેણે પોતાના પિતાને આવી રીતે કાર્યશૂન્ય અને ખિન્નમનસ્ક જોઇ તેનું કારણ પૂછ્યું. પુત્રીના અત્યાગ્રહને વશ થઇ કવિએ કથાના વિષયમાં બનેલો સમગ્ર વૃત્તાંત સંભળાવ્યો. સાંભળીને બાલા બોલી કે પિતાજી ! આપ ખેદ નહીં કરો, સ્નાન, પૂજન અને ભોજન કરી લ્યો; મ્હને તે કથા સંપૂર્ણ યાદ છે તેથી હું આપને ઉતરાવી દઇશ. કવિ આ વાત સાંભળી હર્ષિત થયો અને પોતાનું નિત્યનિયમ કરી, પુત્રીના મ્હોઢેથી તે કથા ફરી લખી. અને પોતાની પુત્રીનું નામ ચિરસ્મરણ કરવા માટે તેનું નામ 'તિલકમંજરી' રાખ્યું. આ વૃત્તાંત **સમ્યક્ત્વ** સપ્તતિકામાં આપેલું છે. પ્રભાવક ચારિત્રમાં કાંઈક જુદી રીતે લખેલું છે. તેનો સાર આ પ્રમાણે છે:—

" વૈદિક કથાઓના શ્રવણમાં ઉદાસીન થયેલા ભોજરાજાએ એક દિવસે ધન-

૩ ' सो समयो रमणीयो नउ अभावाओ कज्जाणम् । '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલને કહ્યું કે, હે વયસ્ય ! કોઇ જૈન કથા[1] સંભળાવ. રાજાની ઇચ્છાથી કવિએ બાર હજાર શ્લોકવાળી સર્વગુણસંપન્ન તિલકમંજરી કથા બનાવી. રાજા સાંભળી ખુશ થયો અને બોલ્યો કે, કથાના પ્રારંભમાં જે **स पातु जिनः** આવું મંગળ છે તે ઠેકાણે **शिवः पातु** આવું મંગળ કર તથા બીજા આ ૪ ઠેકાણે નામ પરિવર્તન કર-અયોધ્યાની જગ્યાએ ધારા, શક્રાવતારના સ્થાને મહાકાળ, વૃષભના સ્થાને શંકર અને મેઘવાહનના ઠેકાણે મ્હારૂં નામ સ્થાપન કર. " પછીની હકીકત ઉપરના પ્રમાણે જ છે. કેવલ, ઉપર જે કવિની પુત્રીનું નામ આપવામાં આવ્યું છે તે નામ આમાં નથી. સામાન્ય પુત્રીજ લખી છે. પુત્રીના મુખથી તે કથા લખતાં ત્રણ હજાર શ્લોક સંખ્યા ન્યૂન થઇ એટલો અહિ વિશેષ ઉલ્લેખ છે.[2]

પ્રભાવક ચરિતમાં એ પણ લખ્યું છે કે, કવિએ જ્યારે કથા રચીને તૈયાર કરી ત્યારે પોતાના ગુરૂ શ્રી મહેંદ્રસૂરિને વિજ્ઞપ્તિ તરીકે આ કથાને કોણ શોધશે ? ગુરૂ મહારાજે વિચારીને જવાબ આપ્યો કે વાદિવેતાલ શાંતિસૂરી આ કથાને શુદ્ધ કરવા સમર્થ છે. શાંતિસૂરિ તે વખતે પાટણ વિરાજમાન હતા તેથી કવિ ધારાથી પાટણ આવ્યો અને અનેક વિજ્ઞપ્તિ કરી સૂરીશ્વરને ધારા નગરીમાં લઇ ગયો. ત્યાં સૂરીશ્વરે તિલકમંજરીનું સંશોધન કર્યું. પ્રભાવક ચરિતકાર કહે છે કે, શાંતિસૂરિએ આ કથાનું સંશોધન ઉત્સૂત્ર પ્રરૂપણાની અપેક્ષાથી કર્યું છે, અર્થાત્ કથામાં કોઈ જૈન-શાસ્ત્ર વિરૂદ્ધ વર્ણન ન આવી જાય તે દૃષ્ટિથી સંશોધન કરવામાં આવ્યું છે. નહિ કે શબ્દ અને સાહિત્યની દૃષ્ટિએ; કારણ કે, તે વિષયમાં તો સિદ્ધસારસ્વતની કૃતિમાં દોષ હોય જ ક્યાંથી !

" अशोधयदिमां चासावुत्सूत्राणां प्ररूपणात् ।
शद्बसाहित्यदोषास्तु सिद्धसारस्वतेषु किम् ॥ "

## તિલકમંજરી ઉપર ટીકાઓ વિગેરે.

પાઠક, આવી રીતે તિલકમંજરીની રચના આદિના વિષયમાં કાંઇક જણાવી, હવે તેના ઉપર ટીકા-ટિપ્પણ થયેલા છે કે કેમ ? તે સંબંધમાં દૃષ્ટિપાત કરી, ધારવા કરતાં વધી ગએલા આ લેખને સમાપ્ત કરી રજા લઈશ !

---

૧ પ્રભાવક ચરિતકારની આ હકિકત સત્ય જણાય છે, કારણ કે કવિ પણ કથાની પીઠિકામાં એમજ જણાવે છે.

૨ પ્રબંધ ચિંતામણીના મત પ્રમાણે, કથાનો અર્ધભાગ તો કવિએ પૂર્વે કરેલા ખરડાના આધારે સ્મરણ કરીને લખ્યો અને ઉત્તરાર્દ્ધ નવીન રચ્યો જણાય છે. ( **तिलकमंजरी प्रथमाऽदर्शलेखदर्शनात्संस्मृत्य ग्रन्थस्यार्धं लेखयांचक्रे तदुत्तरार्धं नूतनीकृत्य ग्रन्थः समर्थितः ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા ખરા ભંડારો તથા જુની નવી ટીપો જોઇ પરંતુ તિલકમંજરી ઉપર વિસ્તૃત વૃત્તિ કે સંક્ષિપ્ત અવચૂરિ ઇત્યાદિમાંથી કાંઇ પણ ઉપલબ્ધ થયું નથી. આશ્ચર્ય છે કે જ્યારે પરધર્મનાં કાવ્યો–ઉપર અનેક જૈન વિદ્વાનોએ વ્યાખ્યા, ટીકા, ટિપ્પણ આદિ બનાવી તે કાવ્યોના પઠન પાઠનના પ્રચારમાં વૃદ્ધિ કરી છે ત્યારે સ્વધર્મના એક સર્વોત્તમ કાવ્ય–રત્ન તરફ કેમ ઉપેક્ષા રહી છે તે સમજાતું નથી! કાદંબરી જેવી વિજાતીય કૃતિઓ ઉપર **ભાનુચંદ્ર** અને **સિદ્ધિચંદ્ર** જેવા પ્રખર જૈન વિદ્વાનોની વિસ્તૃત વ્યાખ્યાઓ વિદ્યમાન હોય અને **તિલકમંજરી** જેવી સંપૂર્ણ જૈન સાહિત્યમાં શેખરાયમાન એવી અદ્ભુત કૃતિ સંક્ષિપ્ત અવચૂરિથી પણ વંચિત રહે! જાતીય–સાહિત્ય તરફ તેમની એ બેદરકારી બહુજ ખેદ કરનારી છે. જે કાવ્યનાં અકેક વાક્ય ઉપર ખૂબ વિસ્તૃત વિવેચનો જોઇએ તેના બદલે વિષમપદો ઉપર પણ જોઇએ તેવો 'વિવેક' નથી!

એક નોંધ ઉપરથી જણાય છે કે મહોપાધ્યાય શ્રીમદ્ **ધર્મ**સાગર ગણિના પ્રશિષ્ય પંડિત ***પદ્મ**સાગરગણિએ **તિ**લકમંજરીની વૃતિ બનાવેલી છે પરંતુ દુર્ભાગ્યવશ તેનું પણ અસ્તિત્વ હોય તેમ જણાતું નથી. હજી સુધી કોઈ પણ પુસ્તક–ભંડારમાં તે જોવામાં કે સાંભળવામાં આવી નથી. તેની શોધ કરવાની આવશ્યકતા છે. સાહિત્યપ્રેમી વિદ્વાનોએ, એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ.

ઉપલબ્ધિ માત્રમાં, પૂર્ણતલ્લગચ્છીય શ્રી **શાંતિસૂરિ**નું લખેલું હજારેક શ્લોકવાળું સંક્ષિપ્ત ટિપ્પન છે. આ ટિપ્પનની અંદર કથામાં કેટલેક ઠેકાણે આવેલા +શ્લેષાદિ પદોનું સામાન્ય રીતે પૃથક્કરણ કરેલ છે–શ્લેષભંગ–વિરોધ પરિહારાદિ દેખાડેલાં છે.

* સુરતમાં ગોપીપુરામાં આવેલા શ્રી મોહનલાલજીના ભંડારમાં '**कल्प किरणावली**' નું પુસ્તક છે. તેની અંતમાં તેની પ્રતના લેખકે પોતાની પ્રશસ્તિ લખી છે તેમાં પદ્મસાગરના કરેલાં પુસ્તકોની નોંધ છે તેની અંદર તિલકમંજરીની વૃત્તિનો પણ ઉલ્લેખ છે. પાઠકોની જાણ માટે તે પ્રશસ્તિ ટાંકવામાં આવે છે.

**महोपाध्यायश्री धर्मसागरगणि पंडित पर्षत्पुरुहूतमतिमपंडितश्री विमलसागरगणिपदपद्मोपासनप्रवरप्रधानभ्रमरायमाण श्रीतिलकमंजरीवृत्ती १ प्रमाणप्रकाश २ नयप्रकाश ३ युक्तिप्रकाश ४ तर्कग्रन्थत्रयसूत्रवृत्ति । श्रीउत्तराध्ययनकथा ।। शीलप्रकाश ६ धर्मपरिक्षा ७ यशोधरचरित प्रमुखग्रंथसूत्रगा सूत्रधार पंडितश्रीपद्मसागरगणि....तत् शिष्य कुशल सागरगणि....विजयसागरगणि.... हेतुसागरगणि शिष्यगणि रूपसागरेण लिपिकृतं । जयतारणनगरे गुरुवासरे सं. १७३७ वर्षे श्रावण शुदी १३ दिने शुभवासरे श्रीरस्तु । "**

**+ "तिलकमंजरीनाम्न्याः कथायाः पदपद्धत्तिम् ।**
**श्लेषभंगादिवैषम्यां विवृणोमि यथामति ।। "**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શિવાય ખાસ નોંધ લેવા લાયક, અભિનંદ કવિના કરેલા 'કાદંબરી કથાસાર કાવ્ય'ની જેવા જ તિલકમંજરીના 'સાર'નાં બે પુસ્તકો છે. બન્ને 'સાર' સરલ અનુષ્ટુપ્ છંદોમાં બનેલા છે. દરેકની શ્લોક સંખ્યા ૧૨૦૦ લગભગ છે. જેમાંથી ૧ પુસ્તક, શ્વેતાંબર સંપ્રદાયના લક્ષ્મીધર નામના પંડિતનું કરેલું છે. વિક્રમ સંવત્ ૧૨૮૧ ના વર્ષે આ પુસ્તકની રચના થયેલી છે. પાટણના ભંડારમાંથી આની એક ૧૯ પાનાની જીર્ણ પ્રતિ મળી આવી છે. પુસ્તકની અંતે આ પ્રમાણે લખેલું છે.--

" इतिश्री तिलकमंजरीकथा सारं श्वेतांबर पं० लक्ष्मीधरकृतं समाप्तं । ग्रं. १२०० एकाशीत्या समाधिक रविशत विक्रमगते समानिवहे । शुचिशतपक्षति रविवार हरंभ ध्रुवयोगववकरणे (?) । १। इदमस्यां चक्रे लेखयां तिलकमंजरी-कथासारं । श्रीमत्प्रसन्नचन्द्रस्य शीलभद्रेण शिष्येण ॥ संवत् ४७४ वर्षे लिखितं श्री डूंगरपुरे ॥ "

આ લક્ષ્મીધર પંડિત શ્રમણ છે કે શ્રાવક છે તે ચોક્કસ જણાતું નથી. આ 'સાર'ની અંદર 'તિલકમંજરી કથા' સંક્ષેપ રૂપમાં ઉતારી છે. મૂલ કથાની અંદર કવિએ વર્ણવેલા નગર, ઉદ્યાન, પર્વત વગેરેનાં વિસ્તૃત અને અલંકારપૂર્ણ વર્ણનોને છોડી, બાકીનો કથા ભાગ જેમનો તેમ, તેજ અર્થો અને તેજ વાક્યોમાં અવતર્યો છે. લેખક કથાનો સંક્ષેપ પ્રારંભ કરતાં પહેલા નીચે લખેલા શ્લોકો પ્રસ્તાવના રૂપે લખે છે—

" वन्दारुवासवोत्तंसभ्रंसिमंदारदामभिः ।
त्रिसन्ध्यरचिताभ्यर्चां वीरपादद्वयीं नुमः ॥ १ ॥
सद्वर्णा विबुधस्तुत्या सालङ्कारा लसत्पदा ।
द्वेधापि जायतां देवी प्रसन्ना मे सरस्वती ॥ २ ॥
न स्तुमः स्वजनं नैव निन्दामो दुर्जनं जनम् ।
नैवमेव स्वरूपं तौ सुधा–क्ष्वेडाविवोज्झतः ॥ ३ ॥
इदं तिलकमंजर्याः कथासंग्रहकारणम् ।
क्रियते सारमस्माभिरल्पाल्पन्यस्तवर्णनम् ॥ ४ ॥
अस्मिन् इब्धास्त एवार्थास्त एव ननु वाचकाः ।
गुम्फविज्ञानमात्रेण मम तुष्यन्तु सज्जनाः ॥ ५ ॥

આટલા શ્લોકો ઉપોદ્ઘાતરૂપે લખી પછી કથાનો પ્રારંભ કરે છે. સરલ શબ્દો અને સ્પષ્ટ અર્થોમાં કથાનો સંપૂર્ણ વૃત્તાંત આપવામાં આવ્યો છે. જેની ઇચ્છા કેવલ તિલકમંજરીની કથાજ જોવાની હોય અને મ્હોટી કથા ન વાંચવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેના માટે લેખકનો આ પ્રયત્ન બહુ ઉપકારી છે. બીજું પણ એક કારણ છે કે, જેમ તિલકમંજરીની મૂલકૃતિ બહુજ અદ્ભુત છે, તેમ તેની કથા પણ બહુ રમણીય છે. તેથી તે વ્યાખ્યાનમાં પણ મુનિઓ વાંચી શકે અને સામાન્ય શ્રોતાઓ પણ તે આનંદદાયક કથા સાંભળી આનંદ મેળવી શકે તેટલા હેતુથી પણ લેખકે આ ઉદ્યમ કર્યો હોય તેમ જણાય છે. આ 'સાર' ની પ્રતિઓ વિશેષ જોવામાં આવતી નથી તેથી આના ઉદ્ધાર કરવાની ખાસ આવશ્યકતા છે.

આ 'સાર' ને અક્ષરેઅક્ષર મળતો–એવોજ એક બીજો સાર, દિગંબર સંપ્રદાયમાં થઈ ગયેલા '**ધન**પાલ' નામના પંડિતનો કરેલો છે. એની પણ શ્લોક સંખ્યા આના જેટલીજ (૧૨૦૦) છે. એમાં પણ અનુષ્ટુપ્ છંદોજ મુખ્ય છે. વિશેષતા આમાં એટલી છે કે, આની અંદર લેખકે, કથાની સુગમતા માટે, સો સો, સવાસો સવાસો શ્લોકોવાળા જૂદા જૂદા નવ વિશ્રામો (પ્રકરણો) પાડી દીધા છે. અને દરેકના '**लक्ष्मीप्रसीदन,**' '**मित्रसमागम,**' '**चित्रपट्टदर्शन**' આદિ સંબંધ સૂચક નામો આપ્યાં છે. તથા કોઇ કોઈ ઠેકાણે, રસની ઉચિતતા સાચવવા ખાતર '**किंचिन्नवीनमपि**' વર્ણન લખવાનું, લેખક પ્રસ્તાવનામાં કબૂલ કરે છે. ઉપરવાળા 'સાર' ની માફક આમાં પણ લેખકે, કથાનો પ્રારંભ કરતાં ૫–૬ શ્લોકો પીઠિકારૂપે લખ્યા છે. ન્યાયની ખાતર તે શ્લોકો પણ ટાંકવા પડશે.

"श्री नाभेयःश्रियं दिश्यात् यस्यांशतव्योजटाः ।
भेजुर्मुखाम्बुजोपान्तभ्रान्तभृङ्गावलिभ्रमम् ॥ १॥
जडोऽपि यत्प्रभावेन भवेन्मान्यो मनीषिणाम् ।
सदासेव्यपदा मह्यं सा प्रसीदतु भारती ॥ २ ॥
नमः श्रीधनपालाय येन विज्ञानगुम्फिता ।
कं नालङ्कुरुते कर्णस्थिता तिलकमञ्जरी ॥ ३ ॥
तस्या रहस्यमादाय मधुव्रत इवादरात् ।
मन्दवागपि संक्षेपादुद्गिरामि किमप्यहम् ॥ ४ ॥
कथागुम्फः स एवात्र प्रायेणार्थास्त एवहि ।
**किञ्चिन्नवीनमप्यस्ति रसौचित्येन वर्णनम् ।५।**
तत्कथा संग्रहेऽमुत्र बन्धमात्रविशेषतः ।
सन्तः संतोषमायान्तु यतः प्रकृतिवत्सलाः ॥ ६ ॥"

બન્ને સારોને પરસ્પર મેળવતાં અને સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકતાં, સત્યની ખાતર કહેવું જોઇએ કે, શ્વેતાંબરની કૃતિ કરતાં દિગંબરની કૃતિ પોતાની કાંતિથી વધી જાય છે ! લક્ષ્મીધર કરતાં—સમાનાર્થક નામ હોવા છતાં—ધનપાલનાં વચનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે લાલિત્યવાળાં છે!! દ્વિતીય ધનપાલ પ્રથમ ધનપાલની સ્મૃત્તિ કરાવે છે. લક્ષ્મીધરની કૃતિનું જન્મ કારણ 'પલ્લીપાલ' (આ ધનપાલની જાતિ હતી.) ધનપાલની કૃતિજ છે. કારણ કે પ્રથમ તે બનેલી છે. તત્કાલીન સાંપ્રદાયિક વિરોધની વિશેષતાને લીધે પરસ્પરની અસહિષ્ણુતાથી આવાં ઘણાં અનુકરણો થયેલાં મળી આવે છે. દિગંબરોમાં તિલકમંજરીનો સાર હોય અને શ્વેતાંબરોમાં તેની શૂન્યતા હોય, આ વાત સમુદાયપ્રેમીનરોના મનમાં ખટકતી હોવાથી સાંપ્રદાયિક અભિમાને પં. લક્ષ્મીધરને આ કાર્ય કરવા તરફ દોરવ્યા અને તેની કૃપાથી શ્વેતાંબરોને પણ તિલકમંજરીનો 'સાર' વારસમાં મળ્યો!

વાચકોને બન્ને સારોના સ્વરૂપનું ભાન થાય—કેવી પદ્ધત્તિએ કથાનો 'સાર' ખેંચવામાં આવ્યો છે, એ સમજાય—તેટલા માટે, દરેકના, કથાના પ્રારંભના બબ્બે શ્લોકો અત્ર ટાંકું છું—

" अस्त्ययोध्यापुरी शुभ्रसौधपद्धतिभिर्यया ।
सौन्दर्यनिर्जिता नित्यं माहेन्द्रीपुर्विहस्यते ॥ १ ॥
तस्यामरिवधूवक्रचन्द्राकालघनोदयः ।
मेघवाहन नामाभूदेकच्छत्रमही पतिः ॥ २ ॥ "

—लक्ष्मीधर

" अस्त्ययोध्या पुरी रम्या या शौर्याकृष्टचेतसा ।
इक्ष्वाकूणां महेन्द्रेण वितीर्ण्णेवामरावती ॥ १ ॥
आसीदतिबलस्तस्यां राजा श्रीमेघवाहनः ।
यत्प्रतापप्रदीपान्तः शत्रुभिः शलभायितम् ॥ २ ॥ "

—धनपाल ।

આ ધનપાલ પલ્લીપાલ નામની વૈશ્ય જાતિમાં થયેલો છે. એનું વાસસ્થાન અણહિલ્લપુર પાટણ છે. આના પિતાનું નામ આમન (?) હતું. કવિ તેના માટે પ્રશસ્તિમાં લખે છે કે, તે બહુ શાસ્ત્રજ્ઞ અને સુકવિ હતો. 'नेमिचरित' નામનું મહાકાવ્ય તેણે રચેલું છે. ધનપાલનો એક મ્હોટો ભાઇ અને બે ન્હાના ભાઇઓ હતા. મ્હોટાનું નામ અનંતપાલ હતું. તેણે પણ 'गणितपाटि' નામનો ગ્રંથ બનાવ્યો છે. ન્હાના ભાઇઓમાંથી એકનું નામ રત્નપાલ અને બીજાનું નામ ગુણપાલ હતું. તે બન્ને પણ બહુશ્રુત હતા. વિક્રમ સંવત્ ૧૨૬૧ ના કાર્તિક માસમાં પ્રસ્તુત સાર બનાવેલ છે. આટલી હકીકત કવિ પોતે ×પ્રશસ્તિમાં આપે છે.

---

× " अणहिल्लपुरख्यातः पल्लीपालकुलोद्भवः ।
जयत्यशेषशास्त्रज्ञः श्रीमान् सुकविरामनः ॥ १ ॥
सुश्लिष्टशब्द सन्दर्भमद्भुतार्थं रसोर्मि यत् ।
येन श्रीनेमिचरितं महाकाव्यं विनिर्ममे ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાર ઉપરથી જણાઇ આવે છે કે, તે સમયમાં તિલકમંજરીનો આદર અને પ્રચાર અતિ હતો. સ્વસંપ્રદાય તથા પર સંપ્રદાયમાં સરખી રીતે તેનું વાચન મનન થતું હતું. ગદ્યકાવ્ય ગ્રંથોમાં તેનું આસન સર્વથી પ્રથમ હતું.

કાવ્યાલંકાર આદિ ગ્રંથોમાં ગદ્યકાવ્યોના નિદર્શન તરીકે નામો આપતાં પ્રથમ નામ તિલકમંજરીનું શ્વેતાંબર સાહિત્ય સાગરમાં એકજ એવું આ અદ્ભુત રત્ન છે કે, જેનાં કર્તાને, અન્ય સંપ્રદાયના દિગંબર જેવા દૃઢ આગ્રહવાળા સમાજના–વિદ્વાનો પણ આદરયુક્ત નમસ્કાર કરે છે! જેની કૃતિ ઉપર મુગ્ધ થઇ, પોતાના સામાજિકોને તેનો લાભ આપવા પ્રશંસનીય પ્રયાસ કરી–'સાર' જેવાં પુસ્તકોલખી–કર્તાના વિષયમાં પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરે છે! પ્રબંધ ચિંતામણિકાર યથાર્થજ કહે છે કે—

\+ " वचनं श्रीधनपालस्य चंन्दनं मलयस्य च ।
सरसं हृदि विन्यस्य कोऽभून्नाम न निर्वृतः ॥ "

સાગરગચ્છનો ઉપાશ્રય.
પાટણ.

મુનિ જિનવિજય.

*

चत्वारः सूनवस्तस्य ज्येष्ठस्तेषु विशेषवित् ।
अनन्तपालश्चक्रे यः स्पष्टां गणितपाटिकाम् ॥ ३ ॥
धनपालस्ततो नव्यकाव्यशिक्षापरायणः ।
रत्नपालः स्फुरत्प्रज्ञो गुणपालश्च विश्रुतः ॥ ४ ॥
धनपालोऽल्पप्रज्ञश्चापि पितुरश्रान्तशिक्षया ।
सारं तिलकमञ्जर्याः कथायाः किञ्चिदग्रथत् ॥ ५ ॥
१ इन्दु ६ दर्शन १२ सूर्याङ्कवत्सरे मासि कार्तिके ।
शुक्लाष्टम्यां गुरावेषः कथासारः समर्थितः ॥ ६ ॥
ग्रन्थः किञ्चिदभ्यधिकः शतानि द्वादशान्यसौ ।
वाच्यमानः सदा सद्भिर्यावदर्कं च नन्दतात् ॥ ७ ॥

\+ અર્થ—ધનપાળનું વચન અને મલયગિરિનું રસસહિત ચંદન જેના હૃદયને લાગ્યું તે શાંત અને સુખી ન થાય એવો જગતમાં કોણ છે ?—પ્ર. ચિ ભાષાંતર પૃ. ૧૨૧.

* "આ તિલક મંજરીનો લેખ બીજા પેપરમાં આવી ગયેલ છતાં તેમાં કેટલીક અશુદ્ધિ હોવાને લઇને તેમજ સાહિત્ય વિષયક હોવાથી આ માસિકમાં આ મહાશય લેખકના બીજા સાહિત્ય વિષયો દર માસે આપવાની શરૂઆત થયેલી હોવાથી તેની વૃદ્ધિ અર્થે, તેમાં સુધારો વધારો કરી તેમજ શુદ્ધિ કરી ઉક્ત મહાત્મા લેખકની આજ્ઞાનુસાર આ અંકમાં આપવામાં આવ્યો છે."

મેનેજર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવકધર્મ–આચારોપદેશ.

## ( ચતુર્થ વર્ગ. )

( ગતાંક ૪ થાના પૃષ્ટ ૮૩ થી શરૂ )

( લેખક—શાન્તમૂર્તિ મુનિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

૧ થોડા પાણી વડે પોતાના પગ, હાથ અને મુખનું પ્રક્ષાલન કરી, પોતાના આત્માને ધન્ય કૃત્ય પુન્ય માનતો છતો શ્રાવક સાંજ સમયે વળી હર્ષથી શ્રી જિનેશ્વર દેવની પૂજા કરે ( ધુપ દીપાદિક વડે દ્રવ્યપૂજા અને ચૈત્યવંદન વડે પ્રભુની ભાવપૂજા સમયોચિત્ત કરે. )

૨ સમ્યક્ ક્રિયા સહિત જ્ઞાન વડે મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે એમ જાણતો શ્રાવક સાંજરે ષડ્ આવશ્યક કરણી ( પ્રભાતની પેરે ) પુનઃ કરે.

૩ લોકમાં ક્રિયાજ ફળદાયક મનાય છે, પણ જ્ઞાન ફળદાયી મનાતું નથી. કેમકે સ્ત્રી અને ભક્ષ્ય–ભોજન સંબંધી ભેદનો જાણ છતાં તેવા જ્ઞાન માત્રથી સુખી થતો નથી. જ્યારે તેનો ભોગવટો કરે છે ત્યારેજ તેનું અનુભવાત્મક સુખ મળી શકે છે.

૪ ગુરૂના વિરહે સ્થાપનાચાર્ય કે નવકારવાળીની સ્થાપના કરી બુદ્ધિશાળી પોતાના ઘરમાં ( અનુકુળ સ્થાન હોય તો ) આવશ્યક કરણી–પ્રતિક્રમણાદિ ક્રિયા કરે.

૫ ધર્મના પ્રભાવથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે એમ હ્રદયમાં જાણતો સદા સર્વદા ધર્મમાંજ ચિત્ત રાખનાર પુરૂષ ધર્મ સાધન કરવાનો સમય વ્યર્થ વિતાવી દે નહિ, મતલબ કે અવસર ઉચિત ધર્મકરણી અવસરેજ કરવા બરાબર લક્ષ રાખે –ભૂલે નહિ.

૬ વખત વિત્યા પછી કે સમય થયાં પહેલાં જે જપ પ્રમુખ ધર્મકરણી કરવામાં આવે છે, તે ઉખર ક્ષેત્રમાં વાવેલાં ધાન્યની પેરે નિષ્ફળ થવા પામે. અવસરની કરણી અવસરેજ કરવી શોભે અને ફળદાયક થાય એમ સમજી ધર્મ સમયનું ઉલ્લંઘન કરવું નહિ.

૭ ધર્મક્રિયા કરતા બુદ્ધિશાળીએ વિધિ બરાબર સાચવવો. તેમાં હિનાધિકતા કરતાં મંત્ર સાધનારની પેરે દૂષિત થાય છે. (આ સંબંધી અન્યત્ર ખુલાસો કરાએલો છે.)

૮ જેમ ઔષધ પ્રયોગ કરવામાં દુરૂપયોગ થયો હોય તો તેથી ભયંકર ચાંદા પ્રમુખ પેદા થાય છે, તેમ ધર્મક્રિયામાં આડું અવળું વિપરીત વેતરવાથી ઉલટો અનર્થ થવા પામે છે. એમ સમજી સુજ્ઞજનો સાવધાનપણે વિધિવત્ ધર્મકરણી કરવા લક્ષ રાખે છે. શરૂઆતમાં કરણી સંપૂર્ણ શુદ્ધ ન હોઇ શકે પણ શુદ્ધિનો ખપ તો જરૂર રાખવોજ.

૯ વૈયાવચ્ચ યોગે પોતાનું અક્ષયશ્રેય સમજીને વિચક્ષણ શ્રાવક આવશ્યક કરણી કરી રહ્યા બાદ શ્રીગુરૂ મહારાજની સેવા–ભક્તિ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ મુખકોશ બાંધી ( મુખે વસ્ત્ર ઢાંકી રાખી ) મૌન ધારી, પોતાના પગનો સ્પર્શ ગુરૂશ્રીને તેમજ તેમના વસ્ત્રાદિકને ન થાય તેમ તેમનો સઘળો શરીર સંબંધી શ્રમ દૂર કરતાં શ્રાવક ગુરૂમહારાજની વિશ્રામણા કરે.

૧૧ ત્યાંથી ગામ-નગરમાં આવેલા ચૈત્યમાં જિનેશ્વરને નમી-સ્તવી પછી નિજઘર પ્રત્યે જાય અને ત્યાં પગ પખાળીને પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરે ( અને ચિંતવે કે )

૧૨ મુજને સદાય અરિહંતોનું શરણુ હોજો, સિદ્ધ-પરમાત્માઓનું શરણુ હોજો. જિન ધર્મનું શરણુ હોજો અને આત્મસાધન કરવા શૂરા સાધુજનોનું શરણુ હોજો.

૧૩ મંગળકારી, દુ:ખહારક ( સુખદાયક ) અને શીલસન્નાહ ( બખતર ) ને ધારનારા શ્રી સ્થૂલભદ્ર મુનિવરને મ્હારો નમસ્કાર હો !

૧૪ ગૃહસ્થ છતાં જેની શીલલીલા બહુ ભારે હતી અને જેના દર્શન સમકિતવડે શોભા વાધેલી છે એવા શ્રી સુદર્શન શ્રેષ્ઠીને નમસ્કાર હો !

૧૫ જેમણે કામદેવને જીતી લીધો છે અને જીવિતપર્યંત જેઓ નિર્દોષ બ્રહ્મચર્યને પાળે છે, એવા મુનિજનો ખરેખર ધન્યકૃત પુન્ય છે ( તેવા શમ દમવંત સંત સાધુજનોને પુન: પુન: નમસ્કાર હો ! )

૧૬ સત્વહીન, ભારેકર્મી, અને ઇન્દ્રિયોને મોકળી મૂકી સદા ચાલનારો હોય તે એક દિવસ પણ ઉત્તમ શીલવ્રતને ધારવા સમર્થ થતો નથી.

૧૭ રે સંસાર સાગર ! જો વચ્ચમાં સ્ત્રીઓરૂપી ખરાબા ન હોત તો ત્હારો પાર પામવો દુર્લભ ન થાત પણ સુલભ થવા પામત.

૧૮ અસત્ય બોલવું, સાહસ કરવું, માયા કેળવવી, મુગ્ધતા, અતિ લોભ-અસંતોષ, અપવિત્રતા અને નિર્દયતા એ દોષો સ્ત્રીઓને સ્વાભાવિક હોય છે, સ્ત્રી જાતિમાં ઉકત દોષ વગરની કોઇ વિરલા સ્ત્રી હોય છે.

૧૯ જે રાગી ઉપર વિરકત રહે છે તે સ્ત્રીઓની કામના-ઇચ્છા કોણ કરે ? સુજ્ઞ હોય તે તો મુકિત કન્યાને જ ઇચ્છે કે જે વિરકત ઉપર રાગ ધરે છે.

૨૦ એ રીતે ચિત્તમાં ચિન્તવતો સુજ્ઞ પુરૂષ આનંદમાં ઝુલતો થોડો વખત નિદ્રા ભજે ( લહે ) પણ ધર્મ પર્વમાં કદાપિ મૈથુન સેવે નહિ.

૨૧ સુજ્ઞ હોય તે ઘણો વખત નિદ્રા સેવવામાં કદાપિ કાઢે નહિ. કેમકે અતિ ઘણી નિદ્રા ધર્મ, અર્થ અને સુખનો નાશ કરનારી થાય છે.

૨૨ અલ્પઆહાર, અલ્પનિદ્રા, અલ્પઆરંભ, અલ્પપરિગ્રહ અને અલ્પકષાયવંત હોય તેને અલ્પભવ ભ્રમણ અવશેષ જાણવું.

૨૩ નિદ્રા, આહાર, ભય, સ્નેહ, લજ્જા, કામ, કલેશ, અને ક્રોધ એમને જેટલાં વધારીએ તેટલાં વધે છે અને ઘટાડીએ તેટલાં ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૪ શયન કરતી વખતે વિઘ્ન માત્રને ચૂરવા સમર્થ શ્રી નેમીશ્વર પ્રભુનું સ્મરણ કરનારને ખોટાં સ્વપ્નો આવવા પામતાં નથી.

૨૫ અશ્વસેન રાજાના અને વામારાણીના પુત્ર શ્રી પાર્શ્વપ્રભુનું સદાય સ્મરણ કરનારને ખોટાં સ્વપ્ના આવતાં જ નથી.

૨૬ શ્રી લક્ષ્મણા માતાના અને મહસેનરાજાના પુત્ર શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું સ્મરણ ચિત્તમાં કર્યા કરે છે તેને સુખે નિદ્રા આવી જાય છે.

૨૭ સર્વ વિઘ્નને ચૂરનાર અને સર્વ સિદ્ધિને આપનાર શ્રી શાંતિનાથપ્રભુનું ધ્યાન કરનારને ચોર, રોગ અને અગ્નિ પ્રમુખથી ભય થતો નથી.

૨૮ શ્રાવક સમુદાયને સુખ સંતોષકારી એવી સઘળી દિનકૃત્ય કરણી સારી રીતે સમજી આ લોક અને પરલોકમાં સંચરતો પુરૂષ દોષરહિત બની નિર્મળ યશ પામે છે. ઇતિશમ્

ૐ શાંતિ. ૐ શાંતિ. ૐ શાંતિ.

## વિષયવશ–પ્રાણીની ચેષ્ટા.

(કવ્વાલી.)

જુઓ આ ઝેરની પ્યાલી, ભયંકર ભાસતી ભારે;
પીવા બેઠો મધુર માની, વિબુધ એને નિવારોને.
મદિરાની સુશીબતમાં, બન્યો મસ્તાન એ આજે;
ગુમાવ્યું જ્ઞાન પોતાનું, ચતુર એને સુધારોને.
ચડીને ડાળીએ તેને, કુટિલ થઇ કાપવા બેઠો;
દશા એ દાખવા એની, હિતૈષી થઈ પધારોને.
તજી દરકાર પાયાની, ચણે છે મ્હેલ મોટો એ;
કુમતિના કંદને એના, ભલા થઇને વિદારોને.
ઘરે સુરવૃક્ષ છે તોયે, ભરે છે બાથ બાવળીએ;
સુધારક કોઇ એ તેના, વિચારોને સુધારોને.
અમરફળ આંગણે મૂકી, કરે કિંપાકમાં પ્રીતિ;
ખરેખર! [1]પ્રાજ્ઞ એ પાકો, વિશારદ કોઈ વારોને.
મનોરથ–અશ્વની દોરી, દીસે ના હાથમાં એના;
વિકટ પંથે જતા તેના, બની બેલી સુધારોને.

૧ પ્ર–અજ્ઞ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે બ્હાદૂર એ જ્યારે, ખરે ! તમને દુવા દેશે;
પરંતુ હાલ તો એને, શિખવવાને પધારોને.

રત્નસિંહ દુમરાકર.

# "સૂક્ત મૂક્તાવલી"

## ( સુગમ ભાષા અનુવાદ. )

( ગતાંક પૃષ્ટ ૧૩૭ થી શરૂ )

## " શ્રી સંઘની ભક્તિ અને તેનો પ્રભાવ "

૨૧ જેમ રોહણાચળ પર્વત રત્નોનું સ્થાન છે, આકાશ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ કલ્પવૃક્ષોનું સ્થાન છે, સરોવર કમળોનું સ્થાન છે, સમુદ્ર જળનું સ્થાન છે અને ચંદ્રમા તેજનું સ્થાન છે, તેમ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ ગુણોનું સ્થાન છે, એમ સમજી પૂજ્ય સંઘની પૂજા–ભક્તિ કરવી.

૨૨ જે શ્રી સંઘ ભવ ભ્રમણ નિવારવાની બુદ્ધિથી મુક્તિ મેળવવા સાવધાન રહે છે, પવિત્રપણા વડે જેને જંગમ તીર્થ કહેવામાં આવે છે, જેની હોડ બીજો કોઇ કરી શકતો નથી, જેને તીર્થંકર મહારાજ પણ પ્રણામ કરે છે, જેનાથી સજ્જનોનું શ્રેય થાય છે, જેનો મહિમા અપરંપાર છે, અને જેનામાં ગાંભીર્ય, ધૈર્ય, ઓદાર્યાદિક અનેક ગુણો નિવસે છે તે પૂજ્ય સંઘની હે ભવ્યાત્માઓ ! તમે ભક્તિ કરો.

૨૩ જે ધર્મ–કલ્યાણની રૂચિવાળા સજ્જનો અનેક ગુણોના સ્થાનરૂપ શ્રી સંઘની સદ્‌ભાવથી સેવા–ભક્તિ કરે છે, તેમને લક્ષ્મી શીઘ્ર આવી મળે છે; યશ–કીર્તિ ચોતરફ વાધે છે, પ્રેમ ભજે છે, સુમતિ ઉત્સુકતાથી આવી મળવા પ્રયત્ન કરે છે, સ્વર્ગની લક્ષ્મી વારંવાર ભેટવા ઇચ્છે છે અને શિવસુંદરી તેમના મુખ સામું જોયાજ કરે છે.

૨૪ જેમ ખેડ કરવાનું મુખ્ય ફળ ધાન્ય પ્રાપ્તિ છે, તેમ જે પૂજ્ય સંઘની ભક્તિનું મુખ્ય ફળ તીર્થંકરાદિક પદવીની પ્રાપ્તિ થવી એ છે, અને ચક્રવર્તીપણું તથા ઇન્દ્રાદિકપણું પ્રાપ્ત થવું તેતો ઘાંસ–પલાલની પેરે સાથે લાગેલું–ગૌણફળ કહેવાય છે. વળી જે સંઘનો મહિમા ગાવા બૃહસ્પતિની વચનકળા પણ સમર્થ નથી તે પાપનાશક શ્રી સંઘ પોતાનાં પવિત્ર પગલાં કરવાવડે સજ્જનોનાં ઘરને પવિત્ર કરો.

## 'હિંસાનો ત્યાગ અને દયા–અહિંસાનો આદર કરો.'

૨૫ હે ભવ્યાત્માઓ ? બીજાં બધાં કાયાને કષ્ટ કરનારાં અનુષ્ઠાનો ભલે મ કરો પણ પુન્યના ક્રિડા સ્થાનરૂપ, પાપરજને સંહરવા વંટોળીયા સમાન, ભવસાગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરવા નાવ સમાન, કષ્ટ તાપને શાન્ત કરવા મેઘઘટા સમાન, મુક્તિની પ્રિય બ્હેન-પણી સમાન અને દુર્ગતિના દ્વારને બંધ કરવા અર્ગલા સમાન એક **અનુકંપા** તો સર્વ જીવો ઉપર તમે અવશ્ય કરો. દયા વગરનું બધું ફોગટ છે.

૨૬ જો કદાચ પથ્થર પાણીમાં તરે, સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, અગ્નિ શીતળપણું ભજે, અને કોઈ રીતે પૃથ્વીમંડળ આખા વિશ્વની ઉપર થઈ જાય તો પણ પ્રાણી વધથી કયાંય કદાપિ સુકૃત ન થાય.

૨૭ જે મુગ્ધજન પ્રાણીવધથી ધર્મ ઇચ્છે તે અગ્નિ થકી કમળનું વન, સૂર્યાસ્ત થકી દિવસ, સર્પના મુખ થકી અમૃત, કલહ થકી કીર્તિ, અજીર્ણ થકી રોગનો નાશ, અને કાળકૂટ ઝેર થકી જીવિતને વાંછનારની જેવો ઘેલો છે એમ ચોક્કસ સમજવું.

૨૮ જેનું ચિત્ત–અંતર કૃપા રસવડે સારી રીતે ભીંજેલું છે, તેને ઘણું લાંબુ આયુષ્ય, અતિ પ્રધાન શરીર, અતિ ઉત્તમ કુળ ( ઉચ્ચ ગોત્ર ) અતિઘણું ધન, વિ-શાળ બળ, સર્વોત્કૃષ્ટ પ્રભુત્વ–ઐશ્વર્ય, અખંડ આરોગ્ય, સર્વત્ર ઘણી શ્લાઘા–પ્રશંસા અને સંસારસમુદ્ર તરવો સાવ સુલભ થવા પામે છે, એમ સમજી દયાર્દ્ર બનો.

## ' અસત્યને તજી પ્રિય, પથ્ય અને તથ્ય વચન વદો. '

૨૯ હે ભવ્યો ! વિશ્વાસનું સ્થાન, કષ્ટને કાપનાર, દેવો વડે સેવાયેલ મુક્તિનું ભાતું, જળ તથા અગ્નિના ઉપદ્રવને શમાવનાર, સિંહ અને સર્પોને થંભી દેનાર, કલ્યાણનું ( મોક્ષનું ) વશીકરણ, સમૃદ્ધિને ઉત્પન્ન કરનાર, સુજનતાને ઉપજાવનાર, કીર્તિનું ક્રિડાવન અને મહિમાનું ઘર એવું પવિત્ર સત્ય વચન જ મહાનુભાવો ! તમે વદો.

૩૦ બુદ્ધિશાળી પુરૂષ ગમે તેવા કષ્ટ પ્રસંગે પણ એવું અસત્ય વચન ન બોલે કે જેથી દાવાનળથી વનની જેમ યશ–કીર્તિનો વિનાશ થાય, જળ જેમ વૃક્ષોને ઉ-ત્પન્ન કરે છે, તેમ જેથી અનેક દુઃખો ઉત્પન્ન થાય અને જેમ તડકામાં છાયા હોતી નથી તેમ જે વચનમાં તપ અને ચારિત્રની વાત પણ ન હોય આવું વચન ત્યાજ્યજ છે.

૩૧ અવિશ્વાસ ઉત્પન્ન કરવાનું મૂળ કારણ, કુવાસના–મલીન વિચારનું ઘર, લક્ષ્મીવિનાશક, કષ્ટોનું કારણ, પરવંચન કરવામાં સમર્થ અને અપરાધકારી એવું અસત્ય વચન પંડિતોએ વર્જ્યું છે.

૩૨ જે મહાશય હિત મિત સત્ય વચન વદે છે, તેને અગ્નિ જળરૂપ થાય છે. સમુદ્ર સ્થળરૂપ, શત્રુ મિત્રરૂપ, દેવ–દાનવો કિંકર–ચાકરરૂપ, અટવી–અરણ્ય નગર-રૂપ, પર્વત ઘરરૂપ, સર્પ ફૂલની માળરૂપ, સિંહ મૃગરૂપ, પાતાળ દરરૂપ, તીક્ષ્ણ શસ્ત્ર કમળના પત્રરૂપ, મદોન્મત્ત હાથી શીયાળરૂપ, વિષ અમૃતરૂપ અને વિષમ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગમ્ય માર્ગ સમ-સુગમ થઇ રહે છે. અર્થાત્ સત્યવાદીને સંકટસ્થાન પણ સંપદ-રૂપ થાય છે. વસુરાજા, પર્વત અને નારદનું તેમજ દત્ત અને કાલિકાચાર્યનું દૃષ્ટાન્ત વિચારી સદાય સત્ય જ વદવું.

**"અદત્તને તજી ન્યાય-નીતિને પ્રમાણિકતાજ આદરો."**

૩૩ જે ભવ્ય આત્મા અણુદીધું કંઈ પણ પરાયું લેતો નથી તેને ભેટવા મુક્તિ વાંછે છે, લક્ષ્મી વરમાળા નાંખે છે, સદ્‌ગતિ તેની ચાહના કરે છે, યશ-કીર્તિ વળગતી આવે છે, સંસાર પીડા દૂર ટળે છે અને દુર્ગતિ તેના સામું પણ જોતી નથી--દૂર જાય છે.

૩૪ જે પુન્યાભિલાષી કંઇ પણ પરાઇ ચીજ ગ્રહણ કરતો નથી, તે મહાનુભાવમાં કલ્યાણ પરંપરા, કમળને વિષે રાજહંસીની પેરે, નિવાસ કરે છે. વળી જેમ સૂર્ય થકી રાત્રીની પેરે તેનાથી વિપદા દૂર જાય છે, અને વિનયવંતને વિદ્યાની પેરે સ્વર્ગ અને અપવર્ગ-મોક્ષ સંબંધી લક્ષ્મી તેને સ્વાભાવિક રીતે ભજે છે.

૩૫ જે અદત્તદ્રવ્ય ગ્રહણ કરવાથી કીર્તિ અને ધનનો નાશ થાય છે, સર્વ દોષ-ગુન્હા પેદા થાય છે, વધ બંધનો પ્રગટે છે, મલીન અધ્યવસાય ઉત્પન્ન થાય છે, વળી જે દારિદ્રને અવશ્ય ઉપજાવે છે, અને સદ્‌ગતિની પ્રાપ્તિને અટકાવે છે, તથા મરણાન્ત કષ્ટ નીપજાવે છે, તેવું અદત્તધન બુદ્ધિશાળી હોય તે ન જ ગ્રહણ કરે.

૩૬ અન્યજનોના મનની પીડાને પુષ્ટિ આપનાર, રૌદ્રધ્યાનનું ઘર, જગતમાં પ્રસરી રહેલી વિવિધ આપદાઓ રૂપી વેલડીઓને મેઘમાળાની જેમ વૃદ્ધિ પમાડનાર, કુગતિ-નરગ, તિર્યંચગતિમાં દોરી જનાર અને સ્વર્ગ-અપવર્ગ પુર તરફ જતાં અટકાવ કરનાર એવું અદત્ત સ્વહિતાભિલાષી જનોએ અવશ્ય તજવા યોગ્યજ છે. એમ સમજી સુજ્ઞજનોએ ન્યાય-નીતિનોજ આદર કરવો. ઇતિશમ્.

# यतिओनी साहित्य सेवा.

( ગત વર્ષના ૧૧ અંકના પૃષ્ટ ૩૧૫ થી શરૂ. )

યોજક—શા. પ્રેમચંદ રતનજી.

लाडुना नाम

कसारना लाडु, कुलरिया लाडु, कसमसिया लाडु, कसेलाना लाडु, काठीना लाडु, कणकना लाडु, मगदलना लाडु, मोतीचूरना लाडु, मेथीना, मगना, चोखाना, सेविया, सूंठिया, सिंहकेसरिया, ओ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



षधीया, अमदीया, आसधन्त, तिलीना, तिलाना, त्रिगडूना, लाखणसाही, धाणीना, फूलीना लाडू.

शाल नाम — सुगंधशाल, सुवर्णशाल. कूंकणीशाल, देवजीरशाल, रायजोग, सुद्धसाल, कमोद, कलम, धोती, राती, पीली, अखंम चोखा, राजोरा चोखा, साठीचोखा, जीरालैसाल, ढुंढणीया चोखा, रामकेलीसाल लुखदासीचोखा खरमीचोखा.

शाकना नाम — सांगरी सोरावमी चौंराली चवला चिणा खेलरा खरबूजा ठमक्याचोला आंबली आंबोल आल आंमला ओलीयां टींमोरा टींमसा कोहलां कालंग काचर कोचलां कांजी काकमी केला करमदा केरकंकोमा कारेलां वमी राइता राबोमी वेंगण वाल्होला परवल फली फोग मतीरा मेथी दाणा जजीया कमी खाखमी खाटो.

भाजीना नाम — पुणजणीनी जाजी चंदलेइनी चिणानी पुंआमनी पमवणनी राइनी सरसवनी अफीणनी मेथीनी सूआनी पालखानी बघूआनी चवलाफली ग्वारफली वालोलफली लाल्हरानी वालणकाकमी कमलकाकमी तूरीयां तरबूज तलीयां पापम मठ चिणा.

स्वादना नाम — खारां खाटां मीठां मोला कडूयां कसायलां तीखां तमतमां धुंगार्यां वधार्यां काचां पाकां कोलां करमां सूकां नीलां उन्हां ताढां ठोल्यां ठमखां सुहाला.

वणिग् जाति. — श्रीमाल, जेसलवाल, ओसवाल, पल्लीवाल, चयेरवाल, मीसावाल, मेमतावाल खंमेलवाल अगरवाल मींड्कठोमा चोरवेमीया सूराणा सोनी लाम मोढ पोरवाम नोमानागडा नागर नरसिंघपुरा दसौरा, मेवामा, आमेटा, ममतीया, सोरठीया, वायमा, खमायता, सांमेरा, कुंजा, घाकम, वितोमा, जटेरा, लाकूया, हरसौरा, नागौरा, जालौरा, सौजतवाला, साचोरा, जगौरा, वधनौरा.

काव्य, कवित, छंद, सवैया. — गाथा, दुहा, हेली, प्रहेली, हीयाली, छप्पय, चोपाइ, कुंमलीया, गूढा, गाहा, ज्योतिष, वैदक, प्राकृत, संस्कृत, तर्क, वितर्क, प्रमांण, नैषध, चिंतामणि, शिरोमणि, वागविलास, मेघदूत, रघुवंश, जिणजणयांथाये, नरावंतस, किरात, चंपूकथा,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मायगीता, भागवतपुराण, वेदविचार, वखाण,कमलबंध, छत्रबंध, नागबंध, राजबंध, तोमरबंध, मादलबंध, अहेरअन्नग, हयस्खरा, नटपथरा, पंखालापाठिला, विगारूा, आगल्लिविगारूा, पारगत, संगीत, गीत, पाढगति छंद, मोतीयादाम, भुजंगी, पद्धरी, त्रिभंगी, हारबंध धनुषबंध, जालीबंध, कपाटबंध गूढचर्तुदपाद, यमकबंध, व्येगसहित, उपमान, उपमा, उत्प्रेक्षा, दृष्टांत, तिणेकरिसंयुक्त, यमकबंध, द्व्यर्थ, अर्थ, चतुरर्थ, आदिस्करा, मध्यस्करा अंतस्करा, परकमाबंध, सर्वतोभद्र, सर्वतोमुख. अपूर्ण—

# દુ:ખીની દાદ અને પૈસાને માન.

**વ્હાલા બંધુઓ !**

દુ:ખી જનોને પોતાના કલેજાની ચીસો કયાંસુધી હવે પાડ્યા કરવી ? પોતાના વર્ત્તમાન અને ભવિષ્યના જીવન માટે હૃદયભેદક ઉદ્ગારો કયાંસુધી કાઢવા ? ગૃહના ખુણે બેસી વિના પૈસે કયાંસુધી અશ્રુ ખેરવા ? પોતાના અંત:કરણને, આત્માને શાંતિ આપવા ઉપરાંત દીન ભગિનીઓને અને કાળી ચુંદડીની બાળાઓને કયાંસુધી સાંત્વન આપવું ? કોઈ દાદ–ફરીયાદ સાંભળશે કે નહિ ? કે સર્વે પેલા પૈસાનેજ માન આપશે ? અલબત જૈન કોમ પૈસે ટકે, આચારે વિચારે દરેક રીતે શૂરી છે, પરંતુ ગૃહના એક ભાગમાં બેસી અશ્રુ સારતી બ્હેનડીના અશ્રુ લુછવા, તથા એક ઉકરડામાં પડેલ ગરીબ બાળકને ટેકો આપી ખરૂ ઝવેરાત પરખાવવા કેમ છુપા જીવનનો કોઈ ભાગ આપતું નથી ! ! ! શું એમ ધારો છો કે આપણી કોમમાં કોઇ ગરીબ છેજ નહિં ? નહિ નહિ. તે માન્યતા તદ્દન ખોટી છે. ઘણીજ બ્હેનડીઓ તથા નાના નાના કુટુમ્બો એવી ગરીબ સ્થિતિમાં છે કે તેને નિરખતા જ હૃદયનો ધ્વનિ બદલાઈ ગયા વગર રહેજ નહિ. એટલું જણાવવું પડશે કે આ બાબત ગર્ભશ્રીમંતોના ધ્યાનમાં નહિં હોય. પરંતુ નબળી સ્થિતિમાંથી જે સારી સ્થિતિમાં આવેલા હશે તેને બરોબર માલુમ હશે કે ગરીબાઇ પોતાની સત્તા કેવી જમાવી બેઠી છે ? શરમાવા જેવું નથી કે જૈન કોમની એક સ્ત્રી સિંહાસન ઉપર ચ્હડીને સભાઓના અદ્વિતીય માનને લાયક બને, અથવા તડકો છાંયો દષ્ટિગોચર થાય નહિ, જ્યારે બીજી તેમનીજ બ્હેનને એક બ્રાહ્મણના ઘરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા કોઇ બીજી કોમના ગૃહસ્થના ઘરે વાસણ માંજવા જવા, અને તેના કપડા ધોવાનો ધંધો કરી પેટ ભરવાનું આજીવિકા માટે સાહસ કરે ?? ઉદાર કુટુમ્બોના ગૃહમાં અમનચમન ઉડે, અને એશઆરામ ભોગવાય જ્યારે બીજા ગરીબ કુટુમ્બો માં ખાવાના પણ સાંસા હોય અને આજનું આજ અને કાલનું કાલ હોય ! અહાહા! આવી સ્થિતિથી કોનું હૈયું પીગળે નહિ ? ઝાલાવાડમાં ખાસકરીને કુટુમ્બો ઘણાજ ગરીબ સ્થિતિમાં છે અને કાઠિયાવાડમાં તો ઘણાજ છે ત્યારે આવા ગરીબાઈના આપત્ત નીચે દબાએલા કુટુમ્બોની કોઈ સંભાળ પણ લેતું નથી અને પૈસાના પાસવાનને સર્વે કોઈ ખમ્મા ખમ્મા કરે છે. અલબત સર્વે કબુલ થશે પરંતુ આવું આવું ચાલશે ત્યાંસુધી કોમનો ઉત્કર્ષ કેવી રીતે થશે ? શું દરેકની ફરજ નથી કે આપણે યથાશક્તિ મદદ કરવી ? ફરજ છેજ. માટે ગરીબની આંતરિક દાદ સાંભળવા માટે હે ધનઘેલા ધનવાનો ? અને ગર્ભશ્રીમંત પુત્રો અને વ્હાલા યુવકો આજથીજ તૈયાર બનો અને તપાસ કરો કે કયા ખુણામાં કયું કુટુમ્બ આવેલું છે. અને તે કુટુમ્બની પરિસ્થિતિ શું છે ? વિગેરે તપાસ રહી તમારો હિસ્સો સેવામાં રજુ કરો અને પહેલું દુઃખીની દાદ સાંભળી પછી પૈસાને માન યોગ્ય લાગે તો આપો.

વિચારજાગ્રતિ.
શ્રી જૈન આત્માનંદ સભા.
તા. ૨-૧-૧૬ ભાવનગર.

લેખક
ગુલાબચંદ મૂળચંદ બાવિસી.
( ચુડાવાળા. )

# કન્યાવિક્રય કરવાને પહેલી ફરજ.

કન્યાવિક્રય=દીકરીનું વેચાણ, દીકરીનો સટ્ટો, વિગેરે. કોમની, શહેરની અને દેશની ચડતીનું પગથીયું જે સ્ત્રીજ છે અને સ્ત્રીની ઉન્નતિના વાજા ઘરોઘર વાગી રહ્યા છે. જે સ્ત્રી, એક બાળીકાજ પ્રથમ હોય છે અને તે બાળીકાને એક વૃદ્ધ વર સાથે પરણાવી લાકડે માકડું વળગાડી દેવામાં આવે છે. અને રૂપિયા લઇ પોતાની દીકરીને ઉંડી ખાઈમાં નાખી દીયે છે. પરંતુ એટલું જરૂર લખવાની ફરજ પડે છે કે જે કુટુમ્બોએ પોતાની કુમળી બાળીકાના રૂપીયા લીધા છે, તે કુટુમ્બો અવશ્ય નાશ પામ્યા છે અને પામતા જાય તે આપણે જોઇએ છીએ. પુત્રીના પીતાઓ ? બાંધવો ? પુત્રીની માતાઓ ? પૈસાને મોહાવ નહિ. મોજ શોખને મોહાવ નહિ ? પરંતુ ગરીબ માણુસ હોય કિન્તુ વિચારોમાં ગૃહસ્થ હોય એટલે જેના ઉમદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો હોય જેના કુટુમ્બમાં કન્યાવિક્રય કદિ ન થયેલો હોય અને જેનું કુટુમ્બ “ આદર્શ કુટુમ્બ ” લેખાતું હોય, તેવા કુટુમ્બમાં તમારી કન્યાને વરાવો ? ?

ઝાલાવાડના એક ગામમાં એક જૈન ગૃહસ્થ કે જેઓ કન્યાવિક્રયાદિ કરતા ન હતા અને તેની વિરૂદ્ધતાના હતા તેઓને નહિ પણ મને કન્યાવિક્રય કરવાની ફરજ પડી છે. તે ગૃહસ્થને વેપારમાં નુકશાન ગયું અને અને દેણું ઘણુંજ થઇ ગયું તથા જ્યારે દુઃખો આવવાના હોય છે, ત્યારે સીમા રહેતી નથી તેવી રીતે અનેક દુઃખોના ભોગ ઉક્ત ગૃહસ્થ થઇ પડ્યા. દેણામાં પોતાના ઘર વસુલ કરી દીધા જમીન સુદલ રહી નહિ. અને ખાવાને માટે પણ સાંસા થઇ પડવા લાગ્યા અને દરેક માણસને દયા આવવા લાગી. પરંતુ જમાનો એવો નથી કે કોઇના કુટુમ્બોને કોઇ જીવનભર પાળી આપે ? તે પ્રમાણે ઉક્ત ગૃહસ્થના માથે બોજો અસહ્ય આવી પડ્યો અને ઝાલાવાડનું ગામ છોડીને ગુજરાતમાં ધંધો કરવા લાગ્યા. પરંતુ તે ધંધા માટે અને દેણું પુરૂં કરવા માટે પોતાની નાની દીકરીના અમુક રૂપીયા તેઓને લેવા પડ્યા અને જ્યારે રૂપીયા લીધા ત્યારે ઋણમાંથી મુક્ત થયા અને નિવાહ ગુજરાતના ગામડામાં જઈ ઘણીજ દીન સ્થિતિમાં ચલાવવો પડે છે. હાલ તે ગૃહસ્થ× ગુજરાતના ગામડામાં નિર્વાહ ચલાવે છે અનેક દુઃખો પડવાથી કન્યાવિક્રય કરવાની ફરજ પડી તો તેના માટે શું દોષ હોઇ શકે ? આવી રીતે પણ ઘણુંજ બને છે, જે ભાગ્યેજ પ્રકાશમાં આવી શકે છે. લી.

**ગુલાબચંદ મુળચંદ બાવિસી.**
ચુડાવાળા

# વર્તમાન સમાચાર.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં** રહેતા વિદ્યાર્થીઓને રહેવા, ખાવા, પીવા અને ભણવા વગેરે માટે ઉંચા પ્રકારની સગવડ અને દેખરેખ શરૂઆતથી રાખવામાં આવેલ છે. સાથે ધાર્મિક અભ્યાસ પણ શરૂ કરવામાં આવેલ છે. જેને લઇને હાલમાં ઉક્ત સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓની ધાર્મિક પરિક્ષા મી. કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ એલ. બી. એ લીધી હતી. જેનું સારૂં પરિણામ આવ્યું છે જે નીચે મુજબ છે. આવું સારૂં પરિણામ આવવાનું કારણ **પંડિત વૃજલાલજી**જે કે ધાર્મિક શિક્ષણ આપનાર છે તેને માન ઘટે છે.

| વિદ્યાર્થીનાં નામ. | માર્ક. | વિદ્યાર્થીનાં નામ. | માર્ક. |
|---|---|---|---|
| રમણીકલાલ મગનલાલ મોદી | ૭૫ | ઓધવજી ધનજી શાહ | ૫૫ |

× જે ગૃહસ્થને ઉક્ત ગૃહસ્થના નામની જરૂર હશે તેઓ લેખક ઉપર ખાનગી રીતે લખશે તો નામ મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| છગનલાલ નાનચંદ શાહ | ૫૧ | મોહનલાલ હેમચંદ શાહ | ૪૮ |
| ચુનીલાલ જીવરાજ શાહ | ૪૭ | ગોવીંદજી ઉજમશી શાહ | ૪૭ |
| અંબાલાલ ચતુરભાઇ શાહ | ૪૭ | રતીલાલ માણેકચંદ જસાની | ૪૪ |
| ચીમનલાલ મોતીલાલ પારેખ | ૪૪ | અંબાલાલ માણેકલાલ શાહ | ૪૩ |
| સોભાગચંદ નેમચંદ શ્રોફ | ૪૨ | મોહનલાલ હઠીભાઈ શાહ | ૩૯ |
| ચીમનલાલ દલસુખભાઈ શાહ | ૪૦ | દલપત વીઠ્ઠલ મહેતા | ૩૮ |
| મોતીલાલ ધરમચંદ કોઠારી | ૩૫ | પ્રાણલાલ મકનજી મહેતા | ૩૪ |
| હીરાલાલ મંછાચંદ શાહ | ૩૪ | જગમોહનદાસ કલ્યાણજી ચીનાઇ. | ૨૧ |

## નીચેના ગ્રંથા અમાને અભિપ્રાયાર્થે ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ શ્રી જિનગુણ સ્તવનાવળી ભાગ ૨—ડભોઇના શ્રી સંઘ.
૨ શ્રી જિનદત્ત સૂરિમહારાજનું જીવનચરિત્ર—ઝવેરી નવલકિશોરજી દીલ્હી.
૩ શિક્ષાશતક—ગાંધી અભેચંદ ભગવાનદાશ.
૪ શ્રી તીર્થંકરાર્ચના.—શ્રી જૈન આત્માનંદ પુસ્તક પ્રસારક મંડળ દીલ્હી.
૫ જીવવિચાર હીન્દી ભાષાનુવાદ સહિત. ,,
૬ શ્રી ભક્તામર, કલ્યાણમંદિર સ્તોત્ર હિન્દી ભાષાર્થ સહિત. ,,
૭ સં. ૧૯૭૨ ની સાલના જૈન પંચાંગ ૫) શાહ ભીમસી માણેક મુંબઈ.
૮ કકાના કાગળા ૫) ,, ,,

## ખેદજનક સમાચાર.

શ્રી પોરબંદર નિવાસી જૈન ગૃહસ્થ શેઠ વલ્લભજી હીરજી ગયા માસની શુદ ૧૪ ના રોજ પોતાના વતનમાં ( પોરબંદરમાં ) પંચત્વ પામ્યા છે. તેઓ દેવગુરૂધર્મના ખરેખરા ભક્ત હતા. જીર્ણોદ્ધાર વગેરે ઉત્તમ કાર્યોમાં તેઓએ સારો વ્યય કર્યો હતો. ધર્મના પણ એક સારા અભ્યાસી હતા. તેઓના સ્વર્ગવાસથી એક લાયક ગૃહસ્થની ખોટ પડી છે. તેઓના આત્માને શાંતિ મળો એમ ઈચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા મેમ્બરો.

૧ ઝવેરી મણીલાલ મોહનલાલ હેમચંદ અમદાવાદ બી૦ વ૦ લાઈફ મેમ્બર.
૨ શા ફકીરચંદ કેવળભાઈ રહેનાર બારેજા " "

---

## विविध पूजा संग्रह.

**( શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ વિરચિત ચૌદ પૂજાઓનો સંગ્રહ. )**

મહોપકારી શ્રીમદ્ **વિજયાનંદ સૂરિશ્વર** રચિત પૂજાઓ કે જેને માટે સંગીતના પ્રોફેસરો અને પૂજાના જાણકાર રસિકો તેમની રચનાના સંબંધમાં અનેક વિધ પ્રશંસા કરે છે, તે પાંચ પૂજાઓ તથા તેમને પગલે ચાલતા પ્રસિદ્ધ વક્તા શ્રીમાન્મુનિરાજ શ્રી **વલ્લભવિજયજી મહારાજ**ની બનાવેલી ૯ પૂજા કે જે વર્તમાન સમયને અનુસરતા રાગરાગણીથી ભરપુર હોઇ આકર્ષક છે. ગયા અને તેની પહેલાના વર્ષમાં મુંબઇ નગરીમાં તેઓશ્રીના ચાતુર્માસ દરમ્યાન તેઓની છેલ્લી બનાવેલી શ્રી પંચપરમેષ્ટિની પૂજા મુંબઈની જૈન પ્રજાએ વારંવાર ભણાવી, સાંભળી તેની અપૂર્વ રસિકતા જાણી અપૂર્વ આનંદ અનેકવાર લીધેલ છે અને તેની ઉપયોગિતા, કૃતિની રસિકતા એકમતે સિદ્ધ થઇ ચુકી છે, તેની વારંવાર માગણી થવાથી ઉક્ત બંને મહાત્માઓની કૃતિની તમામ પૂજાઓ સાથે છપાવી છે. પૂજા શોધવામાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે કૃપા કરેલી હોવાથી તદન શુદ્ધ છપાયેલ છે.

ઉંચા ઇંગ્લીશ ગ્લેજ કાગળો ઉપર સુંદર શાસ્ત્રી મોટા ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી તેનું એટલું બધું સુંદર બાઇંડીંગ કરાવવામાં આવેલ છે કે તે જોતાં તરતજ ગ્રહણ કરવાની ઇચ્છા થાય. જેને માટે ઘણો મોટો ખર્ચ કરવામાં આવેલ છે, જે શુમારે ત્રીશ ફારમ સવાચારસે પાનાનો દળદર ગ્રંથ છતાં તેનો બહોળો પ્રચાર થવા માટે મુદ્દલથી ઘણી ઓછી કિંમતે એટલે માત્ર રૂા. ૦-૮-૦ આઠ ( પોસ્ટેજ જુદું ) ની કિંમત રાખવામાં આવેલ છે. માત્ર જુજ નકલો બાકી છે, જેથી નીચેના સરનામેથી જલદી મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

---

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ " સત્તરીય ઠાણા સટીક " | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ " રત્નશેખરી કથા " | શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત. |
| ૪ " દાનપ્રદીપ " | શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત. |
| ૫ " શ્રી મહાવીર ચરિત્ર " | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીનેમચંદ્રસૂરિ કૃત. તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.

૬ " સંબોધ સિત્તરી સટીક " શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી.

૭ " ષટ્સ્થાનક પ્ર—સટીક " શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી.

૮ " ચૈત્યવંદન મહાભાષ્ય " શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.

૯ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા " શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.

૧૦ " ષડાવશ્યક વૃત્તિ નમિશા કૃત " શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.

૧૧ " પેથડઝાંઝડપ્રબંધ"(સુકૃતસાગર)શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તરફથી.

૧૨ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ " શા. મનસુખભાઇ લલ્લુભાઈ પેથાપુરવાળા તરફથી.

૧૩ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.

૧૪ " શ્રાવકધર્મ વિધિ પ્રકરણસટીક "શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.

૧૫ "પ્રાચીન ચાર કર્મગ્રંથ ટીકાસાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.

૧૬ "ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણી કૃત" બે શ્રાવિકાઓ તરફથી.

૧૭ " સમાચારી સટીક શ્રીમદ્ યશો- વિજયજી ઉપાધ્યાયજી કૃત " શા. લલુભાઈ ખુબચંદની વિધવા બાઈ મેનાબાઈ પાટણ-વાળા તરફથી.

૧૮ " પંચનિગ્રંથી સાવચૂરિ " ૧૯ " પર્યંત આરાધના સાવચૂરિ "

૨૦ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહની સાવચૂરિ "

૨૧ " બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ "

૨૨ " પંચસંગ્રહ " શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.

૨૩ " શ્રાદ્ધવિધિ " શેઠ જીવણભાઈ જેચંદ ગોઘાવાળા.

૨૪ " ષડ્દર્શન સમુચ્ચય " " "

૨૫ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. } બાબુ સાહેબ ચુનીલાલ પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.

૨૬ " બૃહત્ સંગ્રહણી શ્રી જિનભદ્રગણી. ક્ષમા શ્રમણ કૃત " એક સભા તરફથી.

૨૭ " કુમારપાળ મહાકાવ્ય " શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ. ચંદન પાટણ-વાળા તરફથી.

૨૮ " ક્ષેત્ર સમાસટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.

૨૯ " કુવલયમાલા ( સંસ્કૃત ) "

૩૦ " વિજયચંદ્ર કેવળી ચરિત્ર પાટણ નિવાસી બાઇ રૂક્ષમણી તરફથી.

૩૧ " વિજ્ઞપ્તિ ત્રિવેણી " ( અપૂર્વ ઇતીહાસિક ગ્રંથ )

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૨ " શ્રાદ્ધગુણ વિવરણ " ( ભાષાંતર ) વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ ભાવનગરવાળા તરફથી

૩૩ " બંધ, નિગોદ, પુદ્ગલ પરમાણુ છત્રીશિ ( મૂળ સાથે ભાષાંતર ) એક શ્રાવિકા તરફથી.

૩૪ " ચંપકમાળા ચરિત્ર " ( અપૂર્વ ગ્રંથ ) ખાસ સ્ત્રીઓને વાંચવા લાયક ( ભાષાંતર )

૩૫ શ્રી સમ્યક્ત્વ પચિશિ મૂળ તથા ભાષાંતર સાથે. ( સમ્યક્ત્વનો સરલ અપૂર્વ લઘુ ગ્રંથ )

ઉપર મુજબના ગ્રંથો તૈયાર થાય છે. બીજા ગ્રંથોની યોજના થાય છે, જેના નામો હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

For Private And Personal Use Only